| | | | | |
|---|---|---|---|---|
| આંક | : ૧૪૦ | | | |
| દાખલ તારીખ | : ૦૧ | ૧૧ | ૨૦૧૭ | |
| નિકાલ તારીખ | : ૧૦ | ૧૦ | ૨૦૨૪ | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | | | |

## ગાંધીનગરના ચોથા અધિક સેશન્સ જજશ્રીની અદાલતમાં, ગાંધીનગર.

---

<u>સેશન્સ કેસ નંબર–૬૪/૨૦૧૭</u>

<u>ફરીયાદી</u> : શ્રી સરકાર

<u>વિરૂદ્ધ</u>

<u>આરોપી</u> :
(૧) ધીરજકુમાર કાન્તિલાલ મકવાણા।
(૨) શૈલેષકુમાર કાન્તિલાલ મકવાણા।
(૩) કોકીલાબેન કાન્તિલાલ મકવાણા।
ત્રણેય રહેવાસી : સાબર કોલોની,
પંચવટી એસ્ટેટની બાજુમાં, સૈજપુર બોઘા,
નરોડા રોડ, અમદાવાદ.
(૪) રમણભાઈ અંબાલાલ પટેલ
રહેવાસી : વાવ દરવાજા બહાર, ગોવર્ધનનગર,
વિભાગ–૨, રાણીચાપરા, તા.માણસા,
જિ.ગાંધીનગર.

---

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસ |
| આરોપી નં.૧ થી ૩ તરફે | : | વિ.વ.શ્રી એન.બી.ચૌહાણ |
| આરોપી નં.૪ તરફે | : | વિ.વ.શ્રી એ.એન.પટેલ/વી.એસ.વાઘેલા |

| | | |
|---|---|---|
| **ગુનો** | **:** | **માણસા પોલીસ સ્ટેશન ફ઼ેસ્ટ ગુના રજીસ્ટર નંબર : ૧૪/૨૦૧૭** |
| | | **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ...** |

## ફોર્મ–એ

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ... |
| ફરીયાદી | : | શ્રી ગુજરાત સરકાર, |
| વિ.એ.પી.પી.શ્રી | : | પી.ડી.વ્યાસ |
| આરોપી | : | (૧) ધીરજકુમાર કાન્તિલાલ મકવાણા<br>(૨) શૈલેષકુમાર કાન્તિલાલ મકવાણા<br>(૩) કોકીલાબેન કાન્તિલાલ મકવાણા<br>તમામ રહેવાસી : સાબર કોલોની, પંચવટી એસ્ટેટની બાજુમાં, સૈજપુર બોઘા, નરોડા રોડ, અમદાવાદ.<br>(૪) રમણભાઈ અંબાલાલ પટેલ<br>રહેવાસી : વાવ દરવાજા બહાર, ગોવર્ધનનગર, વિભાગ–૨, રાણીચાપરા, તા.માણસા, જિ.ગાંધીનગર. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | : | એન.બી.ચૌહાણ/એ.એન.પટેલ/વી.એસ.વાઘેલા |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૨૪–૦૨–૨૦૧૭ |
| ફરીયાદ તારીખ | : | ૨૪–૦૨–૨૦૧૭ |
| ચાર્જશીટની તારીખ | : | ૨૭–૦૬–૨૦૧૭ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૦૨–૦૬–૨૦૧૮ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | : | ૦૨–૦૭–૨૦૧૮ |
| ચૂકાદાની તારીખ | : | ૧૦–૧૦–૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ (જો કોઈ હોય તો) | : | ––– |

## <u>આરોપીની વિગત</u> :

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન પર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાના આક્ષેપો છે? | નિર્દોષ છોડવામા આવ્યા કે કસૂરવાર? | શું સજા કરી? | સી આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધીરજકુમાર કાન્તિભાઈ મકવાણા | ૨૫–૦૨–૨૦૧૭ | | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ... | નિર્દોષ | –– | –– |
| ૨ | શૈલેષકુમાર કાન્તિભાઈ મકવાણા | ૧૭–૦૩–૨૦૧૭ | | | નિર્દોષ | –– | –– |
| ૩ | કોકીલાબેન કાન્તિલાલ મકવાણા | ૧૭–૦૩–૨૦૧૭ | | | નિર્દોષ | –– | –– |
| ૪ | રમણભાઈ અંબાલાલ પટેલ | ૦૯–૦૫–૨૦૧૭ | | | નિર્દોષ | –– | –– |

### ફોર્મ–સી
### ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનુ લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે :

### ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો

| નં. | સાહેદનુ નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગબનનાર ફરીયાદીની જુબાની | ફરીયાદી | ૨૪ |
| ૨ | ભાનુભાઈ કરશનભાઈ પરમારની જુબાની | સાહેદ | ૩૨ |
| ૩ | દક્ષાબેન ભાનુભાઈ પરમારની જુબાની | સાહેદ | ૩૪ |
| ૪ | રમેશભાઈ કચરાભાઈ પરમારની જુબાની | પંચ | ૩૭ |
| ૫ | પ્રેમીલાબેન ભીખાભાઈ પટેલની જુબાની | પંચ | ૪૨ |

ADDITIONAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR

| નં. | સાહેદનુ નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૬ | ભાનુભાઈ કેશવલાલ પટેલની જુબાની | પંચ | ૪૭ |
| ૭ | ભાવેશકુમાર મગનલાલ પઢીયારની જુબાની | પંચ | ૫૪ |
| ૮ | મુકેશકુમાર રાજુરામજી પ્રજાપતિની જુબાની | પંચ | ૫૭ |
| ૯ | શંકરભાઈ વિહાજી ઠાકોરની જુબાની | પંચ | ૬૧ |
| ૧૦ | કનુજી વિષ્ણુજી ઠાકોરની જુબાની | પંચ | ૬૪ |
| ૧૧ | ડો.યશવંતભાઈ જોયતારામ ચૌધરીની જુબાની | ડોકટર સાહેદ | ૬૭ |
| ૧૨ | કમલેશ રાણાજી ગઢવીની જુબાની | સાહેદ | ૭૨ |
| ૧૩ | વિનુભાઈ કરશનભાઈ પટેલની જુબાની | સાહેદ | ૭૪ |
| ૧૪ | ડો.કાર્તિકભાઈ ભુપેન્દ્રભાઈ પ્રજાપતિની જુબાની | ડોકટર સાહેદ | ૮૪ |
| ૧૫ | ડો.પલકબેન રઘુવિરભાઈ નાયકની જુબાની | ડોકટર સાહેદ | ૮૯ |
| ૧૬ | ઉષાબેન લક્ષ્મણભાઈ ચૌધરીની જુબાની | પોલીસ સાહેદ | ૯૭ |
| ૧૭ | બાબુજી જોઈતાજી ઠાકોરની જુબાની | પોલીસ સાહેદ | ૧૦૨ |
| ૧૮ | અશ્વિન સંગ્રામભાઈ સરવૈયાની જુબાની | પોલીસ સાહેદ | ૧૦૩ |
| ૧૯ | હરેશભાઈ ગોવિંદભાઈ પલાચાર્યની જુબાની | પોલીસ સાહેદ | ૧૦૯ |

**(બી) બચાવ પક્ષ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનુ નામ | વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનુ નામ | વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :**

(બી) <u>દસ્તાવેજી પુરાવા</u> :

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની ફરીયાદ | ૨૫ |
| ૨ | ભોગબનનારનું નિવેદન | ૨૬ |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૭ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૮ |
| ૫ | પંચ સ્લીપો | ૪૩ થી ૪૫ |
| ૬ | ફરીયાદણનું શરીર સ્થિતિનું પંચનામુ | ૪૬ |
| ૭ | પંચ સ્લીપો | ૪૭ થી ૫૦ |
| ૮ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ | ૫૧ |
| ૯ | હોટલ ભવાની પેલેસનું પંચનામુ | ૫૫ |
| ૧૦ | પાસપોર્ટ રજુ કર્યા અંગેનું પંચનામુ | ૬૨ |
| ૧૧ | પંચ સ્લીપ | ૬૩ |
| ૧૨ | ગેસ્ટ હાઉસ/હોટલ રજીસ્ટરની નકલ | ૮૨ |
| ૧૩ | આરોપીનું બળાત્કાર અંગેની મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ આપવા બાબતેનો પત્ર | ૮૫ |
| ૧૪ | દવાખાનાનો કેસ | ૮૬ |
| ૧૫ | ધીરજકુમાર કાંન્તિલાલ મકવાણાના નમુના મોકલવા બાબતનો પત્ર | ૮૭ |
| ૧૬ | શારીરિક સંભોગ કરવા સક્ષમ હોવા બાબતનું સર્ટીફીકેટ | ૮૮ |
| ૧૭ | ભોગબનનારનું બળાત્કાર તેમજ ગર્ભપાત અંગેની મડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ આપવા બાબતનો પત્ર | ૯૦ |
| ૧૮ | ગુપ્ત – સેકસ્યુઅલ અસોલ્ટનો મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ | ૯૧ |

JUDICIAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR सत्यमेव जयते

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧૯ | મેડીકલ સર્ટીફીકેટ | ૯૨ |
| ૨૦ | ડીસચાર્જ કાર્ડ | ૯૩ |
| ૨૧ | સ્ટેશન ડાયરીની નકલ | ૯૮ |
| ૨૨ | એફ.આઈ.આર.ની નકલ | ૯૯ |
| ૨૩ | સુચિપત્રક | ૧૦૦ |
| ૨૪ | પાસપોર્ટ જમા કરાવ્યાનું પંચનામુ | ૧૦૪ |
| ૨૫ | રવાનગી પત્રક | ૧૧૦ |
| ૨૬ | એફ.એસ.એલ.નો મુદ્દામાલની તપાસ અને પૃથ્થકરણ બાબતનો પત્ર | ૧૧૧ |
| ૨૭ | એફ.એસ.એલ.નો મુદ્દામાલના પરીક્ષણ બાબતનો પત્ર | ૧૧૨ |
| ૨૮ | મુદ્દામાલ મળ્યા અંગેનો એફ.એસ.એલ.નો પત્ર | ૧૧૩ |
| ૨૯ | સીરોલોજી પૃથ્થકરણના પરીણામો | ૧૧૪ |
| ૩૦ | પહોંચ | ૧૧૫ |

## મુદામાલની વિગત

### મુદામાલ પાવતી નંબર–૧૬/૨૦૧૭.

| નં. | આર્ટીકલ નંબર | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | ગુલાબી કલરનો ફુલ ભાતની ડીઝાઈનવાળો પંજાબી ડ્રેસ જેના ઉપર જોતા ગુનાને લગતા કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી તે એક કપડાની થેલીમાં મુકેલ તે |
| ૨ | ૨ | એક કાળા કલરની લેગી જેના ઉપર જોતા ગુનાને લગતા કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી તે |
| ૩ | ૩ | એક આછા કાળા કલરનો જાંગીયો જેના આગળના અંદરના |

| | | |
|---|---|---|
| | | ભાગે ફાટેલ છે જેના ઉપર તથા આગળના ભાગે ડાઘા જણાય છે તે |

**મુદામાલ પાવતી નંબર–૧૯/૨૦૧૭.**

| નં. | આર્ટીકલ નંબર | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક ખાખી કલરનું આખી બાયનું જુના જેવો શર્ટ જેના ઉપર કોઈ નોંધપાત્ર ગુનાને લગતા નિશાનો જણાતા નથી તે એક કાપડની થેલીમાં મુકી પંચો તથા પંચોની સહીવાળી કાપલીઓ મુકી પો.સ.ઈ.માણસા પો.સ્ટે.ના માર્કાનું લાખથી પાકુ શીલ કરી કબજે કરેલ છે તે |
| ૨ | ૨ | એક ખાખી કલરનું જુના જેવું પેન્ટ જેના ઉપર ગુન્હાને લગતા કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી તે ઉપરની વિગતે કબજે કરેલ છે તે |
| ૩ | ૩ | એક વાદળી કલરનો જાંગીયો જેના ઉપર અંગ્રેજીમાં LUX VENUS લખેલ છે તે જેના અંદરના આગળના ભાગે તથા આગળના ભાગે જુદી–જુદી જગ્યાએ આછા ડાઘા જણાય છે તે |

**મુદામાલ પાવતી નંબર–૩૩/૨૦૧૭.**

| નં. | આર્ટીકલ નંબર | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક પાસપોર્ટ જેના ઉપરના ભાગે પ્રથમ ભાગે એ૭૮૭૨ તથા હિન્દુમાં પાસપોર્ટ તથા અંગ્રેજીમાં PASSPORT તથા વચ્ચેના ભાગે અશોક સ્તંભ તેની નીચે હિન્દીમા સત્ય મેવ જયતે તથા અંદરના ભાગે પાસપોર્ટ નં.I0261352 લખેલ છે તે |

**મુદામાલ પાવતી નંબર–૬૯/૨૦૧૭.**

| નં. | આર્ટીકલ નંબર | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક પાસપોર્ટ જેના ઉપરના ભાગે પ્રથમ ભાગે એ૭૮૭૨ તથા હિન્દુમાં પાસપોર્ટ તથા અંગ્રેજીમાં PASSPORT તથા વચ્ચેના ભાગે અશોક સ્તંભ તેની અંદરના ભાગે પાસપોર્ટ નં.G1698722 લખેલ છે તે |

ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR सत्यमेव जयते

## –:: ચૂકાદો ::–

(૧) આ કામના આરોપીઓ સામે માણસા પોલીસ સ્ટેશન ફ઼ર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૧૪/૨૦૧૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાના આક્ષેપો છે.

(૨) ફરીયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત જોઈએ તો, તારીખ : ૨૪–૦૨–૨૦૧૭ પહેલા છેલ્લા પાંચ વર્ષથી આરોપી નં.૧ ફરીયાદી બેનને પોતે પરણેલો હોવા છતા પોતાની સાથે લગ્ન કરવાની લાલચ આપી અવાર–નવાર ફરીયાદી સાથે શરીર સંભોગ કરી અને તેના સંભોગથી ફરીયાદીના પેટમાં રહેલ ગર્ભ પડાવી નાંખવા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપી નં.૪ પાસેથી ગર્ભ પડાવવાની ગોળીઓ લઈ આવી ફરીયાદીને ગોળીઓ ખવડાવી તેનો ગર્ભ પડાવી દઈ આરોપી નં.૨, ૩, ૪ નાએ આરોપી નં.૧ ને ગુન્હો કરવામાં મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ.

(૩) જે ફરીયાદને આધારે પો.સ્ટે.માં ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ. ત્યારબાદ ફરીયાદ મુજબના ગુના દાખલ થવા સારૂ પી.એસ.ઓ.ને સોંપેલ. પી.એસ.ઓ.એ ફરીયાદ મુજબના ગુના દાખલ કરી, ગુનાની આગળની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપેલ. તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ સંભાળી, તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, ત્યારબાદ પંચનામુ કરેલ, મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ, સી.આર.પી.સી.૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ રજુ કરેલ. જે ફોજદારી કેસ નંબર–૫૬૦/૨૦૧૭ થી નોંધાયેલ. જે સંદર્ભે સી.આર.પી.સી.ની કલમ–૨૦૯ અન્વયે

ગાંધીનગર ખાતે સેશન્સ કોર્ટમાં કમીટ થયા બાદ સેશન્સ કેસ નંબર–૬૪/૨૦૧૭ થી નોંધાયેલ અને ત્યારબાદ નામદાર મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીના ઓર્ડર મુજબ સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થયેલ છે.

(૪) આ કામના આરોપીઓ સામેનો ફોજદારી કેસ સેશન્સ કમીટ થયા બાદ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડવામાં આવેલ હોવાની ખાતરી કર્યા બાદ અત્રેની અદાલત ધ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ તહોમતનામુ ફરમાવી આંક : ૦૮ થી ફરમાવી અને આંક : ૦૯ થી ૧૨ ની આરોપીઓની પ્લી રેકર્ડ કરેલ. જેમાં આરોપીઓએ તેની સામેના આક્ષેપીત ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ચાલુ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થયેલ છે.

(૫) ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ સામેના તહોમત પુરવાર કરવા માટે ઉપરોકત પ્રર્ફોમા 'સી' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લીધા.

(૬) ફરીયાદ પક્ષ તરફે વધુ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ, આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપી નં.૧ નાઓએ જણાવેલ છે કે, '' અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ અને અમારે પત્ની અને ત્રણ દિકરીઓની સંપૂર્ણ જવાબદારી અમારા શિરે છે. અમો આરોપી વિરૂધ્ધ આ એક માત્ર આક્ષેપવાળી ફરીયાદ સિવાય કોઈ પણ ગુનામાં અમારી સં ડોવણી થયેલી નથી. અમો આરોપી ઉપર ખોટી ફરીયાદ કરી ખોટુ દબાણ લાવવા સારૂ આ

કામમાં અમારી વૃધ્ધ માતા કે જેમની ઉંમર ૬૦ થી ૭૦ વર્ષની છે અને અમારા ભાઈને પણ દબાણ લાવવા સારૂ ખોટી રીતે આરોપી બનાવેલ છે. ભોગબનનારનો મેલાફાઈડ ઈન્ટેન્શન આપ નામ.કોર્ટમાં સાબિત થયેલ છે. ભોગબનનારની સાથે અમારે કોઈ સંબંધ કે પ્રેમસબંધ હતો નહીં અને છે પણ નહીં. અમોને દબાણ લાવી અમારી પત્નીને અને ત્રણ બાળકોને છોડી તેઓને અપનાવી લે તેવા બદઆશયથી આ તદ્દન ખોટી ઉપજાવી કાઢેલ હકીકતવાળી ફરીયાદ અમારા ઉપર તથા અમારી માતા ઉપર તથા અમારા ભાઈ ઉપર કરેલ છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ. કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. તેથી અમો તથા અમારા વૃધ્ધ માતા તથા ભાઈ ઉપર દયા બતાવી તદ્દન નિર્દોષ છોડી મુકવા આપી સાહેબને નમ્ર અરજ છે.''

વધુમાં આરોપી નં.ર પોતાના વિશેષ નિવેદનમાં જણાવે છે કે, ''અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ અને અમારે પત્ની અને બે સંતાનોની સંપૂર્ણ જવાબદારી અમારા શિરે છે. અમો આરોપી વિરૂધ્ધ આ એક માત્ર આક્ષેપવાળી ફરીયાદ સિવાય કોઈ પણ ગુનામાં અમારી સં ડોવણી થયેલી નથી. અમો આરોપી ઉપર ખોટી ફરીયાદ કરી ખોટુ દબાણ લાવવા સારૂ આ કામમાં અમારી વૃધ્ધ માતા કે જેમની ઉંમર ૬૦ થી ૭૦ વર્ષની છે અને અમારા ભાઈને પણ દબાણ લાવવા સારૂ ખોટી રીતે આરોપી બનાવેલ છે. ભોગબનનારનો મેલાફાઈડ ઈન્ટેન્શન આપ નામ.કોર્ટમાં સાબિત થયેલ છે. અમો આરોપીએ ભોગબનનારને કોઈ પણ જગ્યાએ કોઈ ધાક ધમકી આપેલ નથી. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ. કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. તેથી અમો તથા અમારા વૃધ્ધ માતા તથા ભાઈ ઉપર દયા બતાવી તદ્દન નિર્દોષ છોડી મુકવા આપ સાહેબને માનસર નમ્ર અરજ છે.''

વધુમાં આરોપી નં.૩ પોતાના વિશેષ નિવેદનમાં જણાવે છે કે, અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ. અમો આરોપી વિરૂધ્ધ આ એક માત્ર આક્ષેપવાળી ફરીયાદ સિવાય કોઈ પણ ગુનામાં અમારી સંડોવણી થયેલી નથી. અમો આરોપી ઉપર ખોટી ફરીયાદ કરી ખોટુ દબાણ લાવવા સારૂ અમો વૃધ્ધ અને વિધવા વ્યકિત ઉપર તથા અમારા દિકરાઓ ઉપર પણ

દબાણ લાવવા સારૂ ખોટી રીતે અમોને આરોપી બનાવેલ છે. ભોગબનનારનો મેલાફાઈડ ઈન્ટેન્શન આપ નામ.કોર્ટમાં સાબિત થયેલ છે. અમો આરોપીએ ભોગબનનાર સાથે કોઈ મુલાકાત કે મળેલ નથી કે તેમની સાથે કોઈ પણ જગ્યાએ વાતચીત કરેલ નથી. અમો આરોપી ગબીર વર્ગના માણસ છીએ તથા અમો આરોપીને એટેકની બિમારી છે તથા અમો આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. તેથી અમો તથા દિકરાઓ ઉપર દયા બતાવી તદ્દન નિર્દોષ છોડી મુકવા આપ સાહેબને માનસર નમ્ર અરજ છે.''

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસનાએ પોતાની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે, સદર કામે આંક : ૦૮ થી આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત સાબિત કરવા માટે ૧૯ જેટલા સાહેદો તપાસવામાં આવેલ છે તેમજ ૩૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. ફરીયાદી અને ભોગબનનારે આંક : ૨૫ થી રજુ થયેલ ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તેવો પુરાવો આપેલ છે. એટલુ જ નહિ ફરીયાદપક્ષ તરફથી આંક : ૨૬ થી રજુ થયેલ ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેજીસ્ટ્રેટ રૂબરૂનું હોઈ તે ખોટુ હોવાનું માનવાને કોઈ કારણ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી નં.૧ નાઓએ લગ્નની લાલચ આપી તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલ હોવાની હકીકત સાબિત કરવામાં સંપૂર્ણપણે સફળ નિવડેલ છે તેમજ આરોપી નં.૨, ૩ અને ૪ નાઓએ આ કહેવાતા બનાવમાં મદદગારી કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર લાવી શકેલ હોઈ સમાજમાં દિન પ્રતિદિન આવા દુષ્કર્મના બનાવો વધતા જતા હોઈ આરોપીઓને સખ્ત સજા કરવા અરજ ગુજારેલ છે.

(૮) બચાવપક્ષે વિ.વ.શ્રી એન.બી.ચૌહાણનાઓએ આંક:૧૨૪ થી લેખિત દલીલ રજુ રાખેલ છે. જેમાં ભોગબનનાર કેટલી હકીકતો છુપાવી પોલીસ સમક્ષ અને નામદાર કોર્ટ રૂબરૂ આંક : ૨૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં ખોટુ બોલેલ છે તે રેકર્ડ ઉપર આવેલ છે. ભોગબનનારે પોતાની આંક : ૨૫ ની ફરીયાદમાં ઉંમર વર્ષ આશરે ૨૩ ધંધો ઘરકામ

લખાવેલ છે. ત્યારબાદ આંક : ૨૪ ની તા.૨૫–૧૦–૨૦૧૮ નારોજ ભોગબનનારની સરતપાસ નામદાર કોર્ટ રૂબરૂ લેવામાં આવેલ ત્યારે ભોગબનનાર પ્રથમ પેરામાં જણાવેલ છે તે તેઓ તેમના માતા સાથે રામપુર મુકામે રહે છે અને એફ.વાય.બી.એ. માં માણસા ખાતે અભ્યાસ કરે છે. ત્યારબાદ ભોગબનનારની તા.૧૩–૧૧–૨૦૧૮ નારોજ ઉલટતપાસ કરવામાં આવેલ તે ઉલટતપાસના પેરા–૧૫ માં જણાવે છે કે, હું ધોરણ–૧ ૨ સુધી ભણેલી છું, એ વાત ખરી છે કે, મે નર્સિંગનો કોર્સ કરેલો છે તેથી સાબિત થાય છે કે, ભોગબનનાર પ્રથમથી જ ખોટુ બોલે છે. ભોગબનનાર પોતે નર્સનો કોર્સ કરેલ અને જાતે નર્સ હોવા છતાં તેમની માતાને કઈ બિમારી હતી તે ફરીયાદમાં જણાવેલ નથી. કહેવાતા ગુનાની શરૂઆત ભોગબનનારના કથન મુજબ તેમની માતાને માણસાથી સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે લઈ જતી હતી ત્યારે આ કામના એસ.ટી. ડ્રાયવર સાથે મુલાકાત થયેલ ભોગબનનારે કે તપાસ કરનાર અમલદારે તેમની માતાની સારવા કે બિમારીનું સર્ટીફીકેટ રજુ કરેલ નથી અને નામદા રકોર્ટમાં પુરાવાથી સાબિત કરેલ નથી. ભોગબનનારે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે, મે કનોડીયા હોસ્પીટલ, મધર ડેરીની બાજુમાં ભાટ ગામ ખાતે નર્સ તરીકે નોકરી કરે છે મેં આ હોસ્પીટલમાં અઢીથી ત્રણ વર્ષ નોકરી કરેલી. આ કામના ભોગબનનારની આંક : ૨૫ ની ફરીયાદ જોવામાં આવે તો તેમાં એવું લખેલ છે કે, ત્યારબાદ આજથી ત્રણેક વર્ષ પહેલા તેઓન જાણવા મળેલ કે, આ ધીરજ પરણેલો છે અને તેને સંતાનમાં ત્રણ બાળકો છે, એટલે નામદાર સાહેબ આ કામના ભોગબનનારને સદર કહેવાતા તથા ઉપજાવી કાઢેલ બનાવની ઘણા વર્ષો બાદ ખોટી હકીકતો દર્શાવી ખોટી ફરીયાદ કરેલ છે તે પણ નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે ભોગબનનારે આટલા વર્ષો બાદ લેઈટ ફરીયાદ કરવાનો યોગ્ય ખુલાસો નામદાર કોર્ટમાં કરેલ નથી. ભોગબનનારે કહેવાતી પોતાની આંક : ૨૫ ની ફરીયાદમાં એવું પણ લખાવેલ છે કે, અમો બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધા ગયેલ, ત્યારપછી અમો બંને અવાર–નવાર મળતા અને મોબાઈલ ફોન ઉપર વાતો કરતાં, નામદાર સાહેબ ભોગબનનારે પ્રેમ સંબંધના કોઈ ફોટોગ્રાફ કે કયા મોબાઈલ નંબરથી કયા

મોબાઈલ ઉપર વાત કરેલી કે કોઈ વિડીયો કે ઓડિયો રેર્કોડીંગ ફરીયાદમાં કે પોતાની સરતપાસમાં જણાવેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. વધુમાં ભોગબનનારે પોતાની સરતપાસમાં કહેવાતા આરોપી નં.૧ નાએ બાળકોનો નિકાલ નહીં કરીશ તો હું તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલ તેવું જણાવેલ નથી. ભોગબનનારનું કલમ–૧૬૪ નું નિવેદન ગાંધીનગર કોર્ટમાં લેવામાં આવેલ, જે આંક : ૨૬ વાળુ જોવામાં આવે તો તેના પેજ નં.૩ માં એવું જણાવેલ છે કે, તેણે તેના નાના ભાઈ શૈલેષ અને તેના મમ્મી મારો ગર્ભ પડાવી દેવાની વાત કરેલી જેથી તે બંને જણા અને મોટા ચિલોડા તેમને મળવા માટે બોલાવેલ ત્યાં તેઓ બંને મને મારો ગર્ભ પડાવી દેવા જણાવેલું મેં તેઓને ગર્ભ પડાવવાની ના પાડતા તેઓએ મને મારી દેવાની ધમકી આપેલી, મેં આ ધમકીના કારણે તેમની આપેલી દવા ખાઈ મારો ગર્ભ પડાવી દીધેલ. નામદાર સાહેબ આ નિવેદનમાં શૈલેષભાઈ તથા તેમની મમ્મીએ ગર્ભ પડાવવાની દવા આપેલાનું જણાવે છે કે, ત્યારે ફરીયાદમાં કહેવાતા આરોપી નં.૧ નાએ દવા આપેલાનું જણાવે છે, જયારે ભોગબનનારની ઉલટતપાસના પેરા–૨૪ ની છેલ્લી લીટીમાં જણાવે છે કે, ચિલોડા ખાતે કોકીલાબેન હાજર ન હતાં. આમ, ભોગબનનારની કહેવાતી ફરીયાદ, સરતપાસ તથા ઉલટતપાસ વિરોધાભાષ જોવા મળે છે. ફરીયાદી ભોગબનનાર પોતે પોતાની કહેવાતી આંક : ૨૫ ની ફરીયાદને સમર્થન કરતા નથી. વધુમાં સદર કામમાં પોલીસે ભોગબનનારના કાકા ભાનુભાઈ કરસનભાઈનું તા.૨૫–૦૨–૨૦૧૭ નારોજ કહેવાતા બનાવમાં જવાબ લખેલ છે પોલીસ રૂબરૂના નિવેદનમાં પોતે ધંધો – નોકરી બતાવે છે અને રજાના દિવસોમાં મારા ગામ રામપુર ખાતે આવું છેં, મારી ભાભી ગંગાબેનના પેટમાં આંતરડામાં ચાંદી પડેલ છે મારી ભાભી ગંગાબેન ધ્વારા જાણવા મળેલ કે, શીતલને બે માસનો ગર્ભ રહી ગયેલ છે. સદર સાહેદની આંક : ૩૨ થી સરતપાસ લેવામાં આવેલ છે તેમાં એવું જણાવેલ છે કે, મારે મહિને એક બે વાત મારા વતનમાં જવાનું થાય છે, શીતલ અને તે છોકરો આ દરમ્યાન એકબીજાને મળતા હતા કે કેમ ? તેની મને માહિતી નથી આ છોકરાનું નામ આજે યાદ નથી.

ત્યારબાદ મને જાણવા મળેલ કે, શીતલને આ ધીરજથી બે મહિનાનો ગર્ભ રહેલો શીતલે મને વાત કરેલી કે, ધીરજ તેનો ભાઈ અને તેની માતા મને ગર્ભ પડાવવાની દવા પીવા દબાણ કરે છે. સદર સાહેદની ઉલટતપાસ કરેલ તેમાં એ કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે, મેં પોલીસ રૂબરૂના નિવેદનમાં હું ડ્રાઈવીંગ કરૂ છું તેવું લખાવેલુ નથી. એ વાત ખરી છે કે, શીતલે નર્સિંગનો કોર્સ કરેલો છે, શીતલ ચંદ્રમણી હોસ્પીટલ, શાહીબાગ, અમદાવાદ ખાતે નર્સ તરીકે નોકરી કરતી હતી, એ વાત ખરી છે કે, શીતલ નોકરી કરતી હતી તે વખતે માણસાથી અમદાવાદ અપડાઉન કરતી હતી મારા ભાઈ ગુજરી ગયા તે વખતે તેમનો દિકરો આશરે ૩ થી ૪ વર્ષનો હશે, એ વાત ખરી છે કે, તે દિવસે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ, એ વાત ખરી છે કે, જે દિવસે ફરીયાદ કરેલી તે જ દિવસે પોલીસે મારૂ નિવેદન લીધેલ. અમે સવારે સાડા અગીયારથી બારના ગાળામાં માણસા પોલીસ સ્ટેશન ગયેલા. આંક : ૮૯ થી ડો.પલકબેન રઘુવીર નાયકની સરતપાસ કોર્ટ રૂબરૂ લેવામાં આવેલ છે. સદર સાહેદ જણાવે છે કે, માણસા સીવીલ હોસ્પીટલમાં ભોગબનનારની તપાસવાની યાદી તથા માણસા સીવીલ હોસ્પીટલમાં ડો.એમ.કે.પટેલ નાઓએ પ્રાથમિક તપાસ કરી વધુ તપાસણી માટે સીવીલ હોસ્પીટલ તેઓની તરફ મોકલી આપેલ જે યાદ તથા રીફર સીટી તેઓની સાથે લાવેલ છે. અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી.કેસ નં.૮૪૪/૨૦૧૭ થી કાઢવામાં આવેલો ભગબનનારને અંદરના દર્દી તરીકે દાખલ કરેલ દર્દીની તેઓએ શારીરિક તપાસણી કરેલી નહીં દર્દીની અગાઉની હીસ્ટ્રી અને સેમ્પલ માણસા સીવીલ હોસ્પીટલમાં લેવાયેલ હોઈ તેઓએ અલગથી હીસ્ટ્રી નોંધેલ નથી. સદર સાહેદના કહેવા પ્રમાણે ફરીયાદપક્ષે ભોગબનનારની પ્રાથમિક તપાસ કરનાર માણસા સીવીલ હોસ્પીટલના ડોકટર એમ.કે.પટેલ નાઓને તપાસેલ નથી તેમનું કોઈ સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી. સદર સાહેદ ડો.એમ.કે.પટેલને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ પણ નથી. ભોગબનનાર ફરીયાદીને તેમના કાકા તથા કાકી બનાવને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થાય તેવો પુરાવો પુરો પાડેલ નથી. મેડીકલ ઓફીસરોનો પુરાવો જોતા પણ આરોપી વિરૂધ્ધ કોઈ પણ

આરોપી વિરૂઘ્ધ કોઈ પણ પ્રકારનો પુરાવો ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોય તેવું જણાઈ આવતું નથી. પોલીસ સાહેદોનો જે પુરાવો રજુ થયેલ છે તે પણ આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાકળતો હોવાનું સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે માનવાલાયક આધારભુત પુરાવાઓથી પુરવાર કરવાનો હોય છે અને આ કામે રજુ થયેલા તમામ પુરાવાઓ ઘ્યાને લેવામાં આવે તો આરોપીઓ વિરૂઘ્ધ તહોમતનામા મુજબનો ગુનો શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવા વિનંતી કરેલ છે.

આરોપીઓ તરફે વિઘ્વાન વકીલશ્રી એન.બી.ચૌહાણ ઘ્વારા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે. જે માનસહ વંચાણે લીધેલ છે.

1. **2009 GLR 646-2008 (3) GLH 418**
   **Jivanbhai Vittalbhai Chavda Vs. State of Gujarat**
2. **2009 (0) AIJEL-HC 222164**
   **Bhartiben W/o Sureshbhai Bhikhabhai Chauhan Vs. Sushilaben Kanubhai Tevar**
3. **2002 (0) AIJEL-HC 215045**
   **Nanjibhai Savajibhai Varsat Vs. State Of Gujarat.**

(૯) બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો, રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઘ્યાનમા લેતા, નીચે મુજબના મુદા નિર્ણીત કરવાના રહે છે.

**–:: મુ દા ::–**

**:૧:** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તારીખ : ૨૪–૦૨–૨૦૧૭ પહેલા છેલ્લા પાંચ વર્ષથી આરોપી નં.૧ ફરીયાદી બેનને પોતે પરણેલો હોવા છતા પોતાની સાથે લગ્ન કરવાની લાલચ આપી અવાર–નવાર ફરીયાદી સાથે શરીર સંભોગ કરી અને તેના સંભોગથી ફરીયાદીના પેટમાં રહેલ ગર્ભ પડાવી નાંખવા

જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપી નં.૪ પાસેથી ગર્ભ પડાવવાની ગોળીઓ લઈ આવી ફરીયાદીને ગોળીઓ ખવડાવી તેનો ગર્ભ પડાવી દઈ આરોપી નં.૨, ૩, ૪ નાએ આરોપી નં.૧ ને ગુન્હો કરવામાં મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**–:: <u>નિ ર્ણ યો</u> ::–**

**:૧:** નકારમા.

**:૨:** આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદા નંબર–૧ અને ૨</u>** :

**<u>મુ દ્દા નં.૧</u>**

**(૧૧)** ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૧ તરીકે ફરીયાદી ભોગબનનાર** નાઓને આંક : ૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના માતા સાથે રામપુરા મુકામે રહે છે અને એફ.વાય.બી.એ.માં માણસા ખાતે અભ્યાસ કરે છે. તેઅનો એક ભાઈ છે. પિતાજી આશરે ૧૪ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. માતા ઘરકામ કરે છે. તેઓની જન્મ તા.૧૦–૦૬–૧૯૯૩ છે. તેઓએ ફરિયાદ આપી તેના આશરે પાંચ છ વર્ષ પહેલા એટલે વર્ષ ૨૦૧૨–૧૩ ના અરસામાં તેઓની માતા બીમાર રહેતા હતા તેમને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરેલા હતા. તેઓ તેમની માતાને દવાખાને દાખલ કરેલ તે વખતે રોજ માણસા થી અમદાવાદ સીવીલ હોસ્પિટલ બસમાં આવતા જતા હતા. તેઓ જે બસમાં આવતા જતા હતા તેના ડ્રાયવર ધીરજકુમાર મકવાણા હતા.

ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

તેઓને અને આરોપીને એકબીજાની સાથે વાતચીત કરતા પરીચય થયેલો. ત્યારબાદ તેઓની વચ્ચે પ્રેમ સંબંધ થયેલો અને આરોપી ધીરજે તેઓને કહેલુ કે, હુ તારી સાથે લગ્ન કરવા માગુ છું. આરોપી ધીરજે તેણીને કહેલુ કે હુ કુંવારો છું. તેણીએ ધીરજ સાથે લગ્ન કરવા માટે હા પાડેલી. આરોપી ધીરજ તેણીને અંબાજી તથા અમદાવાદ નરોડામાં આવેલ ગેસ્ટ હાઉસમાં અવાર–નવાર લઈ જતો હતો અને તેણીની સાથે શરીર સંબંધ બાંધતો હતો. તેઓની વચ્ચે બે થી અઢી વર્ષ સુધી આ રીતે સંબંધો ચાલેલા. ત્યારબાદ તેણીની ખબર પડેલી કે ધીરજના લગ્ન થઈ ગયેલા છે અને તેમને ત્રણ દિકરીઓ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેણીની આ બાબતની જાણ થતા ધીરજને પુછેલુ ત્યારે તેણે કહેલુ કે, મારે મારી પત્ની સાથે અણબનાવ છે તેની ચાલચલગત સારી નથી અને અમારે છુટાછેડા લેવાના છે. ત્યારબાદ ધીરજે તેણીને તેમના મમ્મી સાથે મુલાકાત કરાવેલી. તેના મમ્મીનું નામ કોકીલાબેન કાન્તીભાઈ છે. આજરોજ કોકીલાબેન કોર્ટમાં હાજર નથી પરંતુ તેણી તેમને જોચે તથા નામથી સારી રીતે ઓળખે છે. તેઓને ચાર્જશીટ સાથેના આરોપી કોકીલાબેનના ફોટોગ્રાફસ બતાવતા તે કોકીલાબેનને ઓળખી બતાવેલ છે. કોકીલાબેને પણ તેણીને કહેલુ કે, ધીરજના તેની પત્નીથી છુટાછેડા લેવાના છે તે છુટાછેડા થઈ જાય પછી તારી સાથે લગ્ન કરાવીશુ. તેઓ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આરોપી ધીરજે તેણીના કુટુંબના સભ્યોને પણ મળીને હુ તમારી (શી) સાથે લગ્ન કરવા માંગુ છુ તેવુ કહેલુ. ધીરજે તેણીના કુટુંબના સભ્યોને પણ કહેલુ કે, મારી મરજી વિરૂધ્ધ મારા પત્ની સાથે લગ્ન કરાવેલા છે અને અમારી વચ્ચે મનમેળ નથી. મારા પત્ની પણ મારી સાથે રહેવા માંગતા નથી. અમારે છુટાછેડા લેવાના છે, તેથી છુટાછેડા થયા બાદ તમારી દિકરી સાથે લગ્ન કરીશ તેવો વિશ્વાસ આપેલો. ત્યારબાદ આરોપી ધીરજ અવાર–નવાર રામપુરા તેમના ઘરે આવતો

હતો અને રહેતો હતો અને તેમના ઘરે તેઓની સાથે શારીરિક સંબંધો રાખતો હતો. જેથી તેઓને આરોપી ધીરજથી ગર્ભ રહેલો. તેણીએ માણસાના ડો.યશવંત ચૌધરીને બતાવેલુ. તે વખતે ધીરજ પણ તેણીની સાથે આવેલો હતો. ડોકટરે તેણીને તપાસેલી અને કહેલુ કે, તમને બે મહિનાનો ગર્ભ છે. ડોકટરે તેણીની સારા માટે અને બાળકના વિકાસ માટે દવા લખી આપેલી. ત્યારબાદ ધીરજે તેણીની કહેલુ કે, આ બાળક રાખવુ નથી કારણ કે મારા પત્ની સાથે મારા છુટાછેડા હજુ થયા નથી. ધીરજ તેઓનું બાળક રાખવા માંગતો ન હોય તેણે તેણીને કહેલુ કે, આ બાળક મારે જોઈતુ નથી. જો તને બાળક થશે તો હુ બાળકને અપનાવીશ નહી અને તને પણ અપનાવીશ નહી. હું તને જે દવા લઈ આપુ તે તારે લેવાની. તેણીએ ધીરજને કહેલુ કે, મારે બાળક રાખવુ છે તમારી દવા મારે લેવી નથી. ત્યારબાદ ધીરજે તેના કુટુંબના બીજા સભ્યો સાથે ચીલોડા મુકામે તેઓની મુલાકાત કરાવેલી. જેમાં શૈલેષભાઈનું નામ તેણીને ખબર છે તે સિવાયના નામ ખબર નથી. આરોપી ધીરજે તેમની ઓળખાણ મામા, કાકા વિગેરે તરીકે આપેલી. ધીરજે તેના સગાઓને કહેલુ કે, આને ગર્ભ રહેલો છે અને પડાવવાની ના પાડે છે. શૈલેષભાઇએ તેણીને કહેલ કે, આ બાળકને તેઓ અપનાવવાના નથી. હવે ધીરજને તેના પત્ની સાથે મનમેળ થઈ ગયેલ છે તેથી તને પણ અપનાવવાના નથી જે થયુ તે ભુલી જા. તે વખતે પણ તેણીએ ગર્ભ પડાવવાની ના પાડેલી. તે વખતે આરોપી શૈલેષે કહેલુ કે, ધીરજ તેઓનો ભાઈ છે જો હું હોઉ તો લાત મારીને તારા બાળકને નીકાળી દઉ. તેઓ જે દિવસે ડો.ચૌધરીના દવાખાને ગયેલા તે દિવસે દવાખાનેથી બહાર આવ્યા બાદ ડોકટર સાહેબે તેણીને જે દવા લખી આપેલી તે આરોપી ધીરજે લીધેલી નહી અને રમણભાઈ પટેલની દુકાને લઈ ગયેલ અને ગર્ભ પડાવવાની દવા તેમની દુકાનેથી લીધેલી. તેણી વધુમાં જણાવે છે કે, શૈલેષભાઇએ તેણીને એવી પણ

ધમકી આપેલી કે, તુ ગર્ભ નહી પડાવે તો તને મારી નાખીશ અને બદનામ કરી દઈશ. ત્યારબાદ આરોપીના ડરના કારણે તેઓ તેમના બાળકને અપનાવશે નહી અને તેઓના ઘરના સભ્યોને તકલીફ આપશે તેવું વિચારી આરોપીએ લઈ આપેલ દવા ખાધેલી. જેથી તેણીનો ગર્ભ પડી ગયેલો. તેઓએ છઠ્ઠી ફેબ્રુઆરીએ ગર્ભપાતની દવા લીધેલી હતી અને ૨૪મી ફેબ્રુઆરીએ તેણીએ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ કરેલી. તેણીને ફરિયાદ બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. જેને આંક : ૨૫ આપવામાં આવેલ છે. પોલીસે તેણીના કપડા કબજે લીધેલા. તેણીને તે કપડા બતાવતા ઓળખી શકે તેમ છે. તેણીને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ ખોલી તેમાંથી નીકળેલ ગુલાબી કલરનુ ટોપ બતાવતા તે તેઓએ પોલીસમાં રજુ કરેલ તે જ છે. તેણીને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૨ ખોલી તેમાંથી નીકળેલ કાળા કલરની લેગીંસ બતાવતા તે પોલીસમાં રજુ કરેલ તે જ છે. તેણીને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૩ ખોલી તેમાંથી નીકળેલ નીકર બતાવતા તે તેણીએ પોલીસમાં રજુ કરેલ તે જ છે. તેણી વધુમાં જણાવે છે કે, તેણીને આરોપી ધીરજના કપડા બતાવતા તે ઓળખી શકે તેમ છે. તેણીને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૪ ખોલી તેમાંથી નીકળેલ ખાખી કલરનો શર્ટ બતાવતા તે ધીરજનો છે. તેણીને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૫ ખોલી તેમાં થી નીકળેલ ખાખી કલરનુ પેન્ટ બતાવતા તે ધીરજનુ છે. તેણીને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૬ ખોલી તેમાંથી નીકળેલ જાંગીયો બતાવતા તે ધીરજનો છે. પોલીસ તેઓને મેડીકલ તપાસ માટે પહેલા માણસા સીવીલ હોસ્પિટલમાં અને ત્યારબાદ ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. પોલીસ તેઓને ગાંધીનગર કોર્ટમાં નિવેદન આપવા લઈ ગયેલા. તેઓને કોર્ટના રેકર્ડમાંથી એક ખાખી કવર ખોલી તેમાંથી નીકળેલ એક નિવેદન બતાવતા આ નિવેદન

ADDITIONAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR

તેણીએ લખાવેલ તે જ છે તેના પર તેઓની સહીઓ છે. જે સી.આર.પી.સી.કલમ–૧૬૪ ના નિવેદનને આંક : ૨૬ આપવામાં આવેલ છે. તેઓને માર્ક–૧૩/૯ બતાવતા તે ડો.યશવંત ચૌધરીએ લખી આપેલ તે જ છે. જેને આંક : ૨૭ આપવામાં આવેલ છે. તેણીને આરોપી ધીરજ અંબાજી અને નરોડા ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલ તે વખતે ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં આ અંગે નોંધ થયેલી. અંબાજીના ગેસ્ટ હાઉસમાં માત્ર ધીરજનો ઓળખનો પુરાવો લીધેલો. તેણીને માર્ક – ૧૩/૧૩ સાથે રજુ થયેલ ઓળખના પુરાવા બતાવતા તે ધીરજના છે. તેઓને માર્ક ૧૩/૧૩ ના પાન નં.૩, ૪, ૫, ૬ અને ૭ પર તેઓના નામની એન્ટ્રીની નોંધ તેણીના હસ્તાક્ષરમાં છે તે સિવાયની તેમના નામની એન્ટ્રીની નોંધ ધીરજના હસ્તાક્ષરમાં છે. આરોપી કોકીલાબેન સિવાય બાકીના ત્રણ આરોપીઓ કોર્ટમાં હાજર છે તેઓને તેણી જોયે તથા નામથી ઓળખે છે.

(૧૧.૧) સદર ફરીયાદી સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ નર્સીગનો કોર્ષ કરેલો છે અને તેઓએ કનોડીયા હોસ્પિટલ, મધર ડેરીની બાજુમાં, ભાટ–ગામ ખાતે નર્સ તરીકે નોકરી કરેલી છે. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ આપવા ગયેલ તે વખતે તેમના ભાઈ જીગ્નેશભાઈ, ભાનુભાઈ કરશનભાઈ અને દક્ષાબેન ભાનુભાઈ પણ સાથે આવેલા હતાં તથા આરોપી શૈલેષભાઈએ તેઓને ચિલોડા ખાતે ધમકી આપેલી તથા તેઓની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, આરોપી શૈલેષે કહેલુ કે ધીરજ મારો ભાઈ છે જો હુ હોઉ તો લાત મારીને તારા બાળકને નિકાળી દઉ. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, શૈલેષભાઈએ તેઓને કહેલ કે, આ બાળકને અમે અપનાવવાના નથી હવે ધીરજને તેના પત્ની સાથે મનમેળ થઈ ગયેલ છે તેથી તને પણ

અપનાવવાના નથી જે થયુ તે ભુલીજા તથા ચિલોડા ખાતે કોકીલાબેન હાજર ન હતાં તથા આરોપીએ ભાવનાબેનનું નામ ખોટુ લખાવેલુ.

સદર ફરીયાદી સાહેદની આરોપી નં.૪ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરીયાદમાં આરોપી નં.૪ નું નામ લખાવેલુ નથી તથા તેઓ આરોપી ધીરજ સાથે છેલ્લા પાંચ વર્ષથી પ્રેમ સંબંધ હતો તથા તેઓ ઉમીયા મેડીકલ સ્ટોરમાં ગયેલી તે બતાવવા કોઈ લેખિત પુરાવો પોલીસમાં આપેલો નથી તથા ગર્ભ પડી ગયા બાદ ૧૫–૨૦ દિવસ પછી આ ફરીયાદ આપેલી.

DISTRICT & SESSIONS COURT ADDITIONAL GANDHINAGAR

(૧૨) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૨ તરીકે સાહેદ ભાનુભાઈ કરશનભાઈ પરમાર** નાઓને આંક : ૩૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે મેઘાણીનગર, અમદાવાદ ખાતે રહે છે અને અમદાવાદ એરપોર્ટ ખાતે ડ્રાયવીંગ કરી તેઓનું ગુજરાન ચલાવે છે. તેઓનું મુળ વતન રામપુરા, તા.માણસા છે. ત્યાં તેઓની ખેતીની જમીન આવેલી છે. તેઓને મહિને એક–બે વાર તેમના વતન જવાનું થાય છે. શીતલબેન તેઓના મોટાભાઈની દિકરી થાય છે. તેઓના મોટાભાઈ બળદેવભાઈ આશરે બારેક વર્ષ પહેલા ગુજરી ગયેલા છે. તેઓના ભાભીનું નામ ગંગાબેન છે. ગંગાબેનને આશરે પાંચેક વર્ષ પહેલા આંતરડાની બિમારી થયેલી. તેમની સારવાર અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં ચાલતી હતી. શીતલબેન તેમની માતાને સારવાર માટે લઈ જતા હતાં. થોડા વખત પછી શીતલે તેઓને કહેલુ કે, એસ.ટી.માં ડ્રાયવીં ગ કરતા આ ભાઈ સાથે તેઓને પ્રેમ થઈ ગયેલ છે અને આપણા સમાજનો છે તેની સાથે લગ્ન કરવા છે. તેણીએ કહેલુ કે જો છોકરો કુવારો હોય અને તેઓની સારી નોકરી હોય તો લગ્ન કરી લઈએ. શીતલ અને તે છોકરો આ દરમ્યાન

એકબીજાને મળતા હતાં કે કેમ ? તેની તેઓને માહિતી નથી. ત્યારબાદ શીતલે તેઓને કહેલુ કે, કાકા આ છોકરો તો ત્રણ છોકરાનો બાપ છે. આ છોકરાએ શીતલને કહેલુ કે, મારે મારા પત્ની સાથે બનતુ નથી અને તેને છુટાછેડા આપવાના છે અને ત્યારબાદ તારી સાથે લગ્ન કરીશ. એક વાર તે છોકરો તેઓને મળવા આવેલો ત્યારે તેઓએ તેને કહેલુ કે, તારે ચોખવટથી વાત કરવી જોઈએ ને કે તુ ત્રણ છોકરાનો બાપ છે. તે વખતે તેઓએ ગરમ થઈને તે છોકરાને કાઢી મુકેલો. જે છોકરો તેઓને મળવા આવેલો તે કોર્ટમાં પ્રથમ ક્રમાંકે ઉભેલ આરોપી છે. તેનું નામ આજે યાદ નથી. તેઓ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તેઓને જાણવા મળેલુ કે, શીતલને ધીરજથી બે મહિનાનો ગર્ભ રહેલો. શીતલે તેઓને વાત કરેલી કે ધીરજ, તેનો ભાઈ અને તેની માતા તેણીને ગર્ભ પડાવવાની દવા પીવાનો દબાણ કરે છે. ત્યારબાદ શીતલે તેમના દબાણથી ગર્ભ પડાવવાની દવા પી લીધેલી. જેથી ગર્ભ પડી ગયેલ. તે વાત શીતલે કરેલી. તેઓએ શીતલને આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ કરવા કહેલુ. જેથી તેણે પોલીસમાં ફરીયાદ કરેલી. પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન લીધેલુ. આરોપી ધીરજ સિવાય કોર્ટમાં હાજર બાકીના ત્રણ આરોપીઓને ઓળખતા નથી.

(૧૨.૧) સદર સાહેદ સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફે જાતે અને આરોપી નં.૪ તરફે પ્રોક્ષી વિ.વ.શ્રી એન.બી.ચૌહાણ નાઓએ ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, શીતલ નોકરી કરતી હતી તે વખતે માણસાથી અમદાવાદ અપડાઉન કરતી હતી તથા તેઓને શીતલ અને તેના મમ્મીના કહેવાથી બનાવ વિશે જાણ થયેલી.

(૧૩) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૩ તરીકે દક્ષાબેન ભાનુભાઈ પરમાર** નાઓને આંક : ૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે મેઘાણીનગર, અમદાવાદ ખાતે રહે છે અને ઘરકામ કરે છે. તેઓનું મૂળ વતન રામપુરા માણસા છે. બળદેવભાઈ તેઓના જેઠ થાય છે. તેમને સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. બળદેવભાઈ ગુજરી ગયેલ છે. તેમના પત્નીનું નામ ગંગાબેન છે. તેઓ રામપુરા રહે છે. ભોગબનનાર ઉંમરમાં મોટા છે. બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૯ વર્ષની હશે. બનાવના અરસામાં ભોગબનનારની માતાને ગર્ભાશયની કોથળીમાં ઈન્ફેકશન હતુ તેની અમદાવાદ સીવીલ સારવાર ચાલતી હતી અને ભોગબનનાર તેમને સારવાર માટે બસમાં લઈ જતા હતાં. ભોગબનનારને આ બસના ડ્રાયવર ધીરજ સાથે પ્રેમ થઈ ગયેલો. ધીરજ કઈ જ્ઞાતિનો છે તેની તેઓને ખબર નથી. હવે તેઓ કહે છે કે, તે તેમની જ્ઞાતિનો છે. ભોગબનનાર અમદાવાદ આવે ત્યારે તેઓના ઘરે આવતી જતી હતી. તેણે તેઓને વાત કરેલી કે, મારે ધીરજ સાથે પ્રેમસંબંધ છે અને ધીરજના લગ્ન થયેલા નથી અને તેઓને તેની સાથે લગ્ન કરવાના છે. તેથી તેઓ ધીરજ વિશે ઈન્કવાયરી કરેલી અને જાણવા મળેલુ કે ધીરજ પરણેલો છે અને ત્રણ બાળકોનો પિતા છે. એકવાર ધીરજભાઈ તેઓના ઘરે આવેલા અને કહેલુ કે મારે મારા પત્ની સાથે અણબનાવ ચાલે છે અને તેને છુટાછેડા આપવાના છે. આરોપી ધીરજથી ભોગબનનારને બે અઢી મહિનાનો ગર્ભ રહેલો અને આરોપીએ ભોગબનનારને ગર્ભપાતની ગોળી પણ ખવડાવેલી. જેથી ભોગબનનારનો ગર્ભ પડી ગયેલો. ભોગબનનારે તેઓને આ વાત કરેલી હતી. ભોગબનનારે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન લીધેલુ. આરોપી ધીરજ કોર્ટમાં હાજર હોઈ તેઓ ઓળખી બતાવેલ છે.

(૧૩.૧) સદર સાહેદેની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને બનાવ

વિશે ભોગબનનાર અને તેની માતાના કહેવાથી જાણ થયેલી.

(૧૪) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૪ તરીકે રમેશભાઈ કચરાભાઈ પરમાર** નાઓને આંક : ૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ રામપુરા મુકામે રહેછે અને ખેતી તથા વેપાર કરે છે. તા.૨૪–૦૨–૨૦૧૭ નારોજ પોલીસે તેઓને ભોગબનનારના ઘરે પંચ તરીકે બોલાવેલા. ત્યાં બીજા પંચ પણ હાજર હતાં. પોલીસે તેઓને પંચ તરીકે રહેવા સંમતી પુછતા હા પાડેલી. આ કામના પરમાર વાસમાં ઉગમણા દરવાજાનું આવેલુ હતું. જેની નજીક મેલડીમાતાનું મંદિર આવેલુ હતું. આ મકાન બે રૂમનું હતું. ઘરમાં સરસાામન અને ઘરવખરી પડેલી હતી. આ મકાનને પતરા લગાવેલા હતાં. ઓસરીના આગળના ભાગે સંડાસ, બાથરૂમ બનાવેલા હતાં. આ મકાનની એક તરફ સોમાભાઈ પરષોત્તમભાઈનું મકાન અને બીજી તરફ ગગાભાઈ અમરાભાઈનું મકાન તથા સામેની બાજુ રમેશભાઈ નાગરભાઈનું મકાન આવેલુ હતુ અને પાછળની બાજુ રામાભાઈ ધનાભાઈનું મકાન આવેલુ છે. આ મતલબનું વિગતવારનું પંચનામુ કરેલુ. તેઓને માર્ક–૧૩/૩ વાળુ પંચનામુ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની બે સહીઓ છે અને પંચ નં.૨ તરીકે જે બીજા ભાઈ હાજર હતા તેમણે સહી કરેલી અને પોલીસ અમલદારે પણ સહી કરેલી. જે પંચનામાને આંક : ૩૮ આપવામાં આવેલ છે.

(૧૪.૧) સદર સાહેદે બચાવપક્ષ તરફેના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ અને ફરીયાદી એક જ ગામમાં અને એક જ મહોલ્લામાં રહે છે અને પોલીસ આવેલી તે વખતે તેઓ ગલ્લા પર હાજર હતાં અને પંચનામાનુ લખાણ તેઓએ જાતે વાંચેલુ નથી. તેઓના ગલ્લાથી ફરીયાદીનું મકાન નજીકમાં આવેલુ છે અને ફરીયાદી અવાર–નવાર

તેઓની દુકાને માલ–સામાન લેવા આવે છે.

(૧૫) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૫ તરીકે પ્રેમીલાબેન ભીખાભાઈ પટેલ** નાઓને આંક : ૪૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે પરબતપુરા ખાતે રહે છે અને સામાજિક કાર્યકર તરીકે કામ કરે છે. તા.૨૪–૦૨–૨૦૧૭ નારોજ તેઓ માણસા પોલીસે પંચ તરીકે પો.સ્ટે.માં બોલાવેલ. બીજા પંચ તરીકે કોણ હતું તેની તેઓને માહિતી નથી. પોલીસ તેઓના ઘરે લેવા આવેલી. ત્યાં એક છોઢ કરી પણ હાજર હતી. તેનું નામ તેઓને ખબર નથી. પોલીસે તે છોકરીનો ડ્રેસ અને નિકર કબજે લીધેલા. તેઓને તે કપડા બતાવતા ઓળખી શકે તેમ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળુ ટોપ બતાવતા તે ઓળખી બતાવેલ છે. તેઓને તેની સાથે મુકેલ પંચસ્લીપ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની સહી છે. જે પંચસ્લીપ ને આંક : ૪૩ આપવામાં આવેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ વાળી લેગીંસ બતાવતા તે ઓળખી બતાવેલ છે. તેની સાથે મુકેલ પંચસ્લીપ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે પંચસ્લીપને આંક : ૪૪ આપવામાં આવેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળી નિકર બતાવતા તે ઓળખી બતાવેલ છે. તેની સાથે મુકેલ પંચસ્લીપ બતાવતા તેમા પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. જે પંચસ્લીપને આંક : ૪૫ આપવામાં આવેલ છે. તેઓને માર્ક–૧૩/૪ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખીબ તાવેલ છે. જે પંચનામાને આંક : ૪૬ આપવામાં આવેલ છે.

(૧૫.૧) સદર સાહેદેની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે

કે, ૨૪ મી તારીખે પો.સ્ટે.ગયેલ ત્યારે પોલીસે તેઓની સહી કરી આપવાનું કહેતા તેઓએ સહીઓ કરી આપેલી.

(૧૬) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૬ તરીકે ભાનુભાઈ કેશવલાલ પટેલ** નાઓને આંક : ૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે માણસા મુકામે રહે છે અને વેપાર કરે છે. તા.૨૪–૦૨–૨૦૧૭ નારોજ પોલીસે તેઓને માણસા પો.સ્ટે.બોલાવેલા. તે વખતે બીજા પંચ તરીકે કોઈ હાજર ન હતું. ત્યાં એક આરોપી ભાઈ હાજર હતો. ત્યાં કોઈ બહેન હાજર ન હતાં. તેઓની હાજઢ રીમાં એક બહેનના અને એક ભાઈના કપડા રજુ થયેલા. તેઓને બહેનના કપડા બતાવતા ઓળખી શકે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળુ ટોપ, મુદ્દામાલ નં.૨ વાળી લેગીંસ અને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળી નીકલ બતાવતા તે ઓળ ખી બતાવેલ છે. જેને આંક : ૪૩ થી ૪૫ વાળી પંચસ્લીપો અને આંક : ૪૬ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તેઓને છોકરાના કપડા બતાવતા તે ઓળખી શકે તેમ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ વાળુ શર્ટ બતાવતા તે ઓળખી બતાવેલ છે. તેની સાથે મુકેલ પંચસ્લીપ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખીબ તાવેલ છે. જે પંચસ્લીપને આંક : ૪૮ આપવામાં આવેલ છે. તેઓને આર્ટીકલ નં.૫ વાળુ પેન્ટ બતાવતા તે ઓળખીબ તાવેલ છે. તેની સાથે મુકેલ પંચસ્લીપ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે પંચસ્લીપને આંક : ૪૯ આપવામાં આવેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૬ વાળો જાંગીયો બતાવતા તે ઓળખી બતાવેલ છે. જે પંચસ્લીપને આંક : ૫૦ આપવામાં આવેલ છે. તેઓને માર્ક–૧૩/૫ વાળુ પંચનામુ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે

પંચનામાને આંક : ૫૧ આપવામાં આવેલ છે.

(૧૬.૧) સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ સિવાય પણ બીજા પંચનામામાં સહીઓ કરેલી છે.

(૧૭) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૭ તરીકે ભાવેશકુમાર મગનલાલ પઢીયાર** નાઓને આંક : ૫૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે સાબરમતી અમદાવાદ ખાતે રહે છે અને નોકરી કરે છે. તા.૨૭–૦૨–૨૦૧૭ નારોજ માણસા પોલીસે તેઓને પંચ તરીકે બોલાવ્યા હોય તેવું બનેલ નથી. તેઓ ભવાની પેસેલ હોટલમાં કામ કરતા હતાં ત્યાં પોલીસે તેઓની સહી લીધેલી. તેઓને માર્ક–૧૩/૬ વાળુ પંચનામુ બતાવતા તેમાં પ્રથમ પાને પાછળના ભાગે તથા લખાણના અંતે એમ પંચ નં.૨ તરીકે તેઓની બે સહીઓ છે. જે પંચનામાને આંક : ૫૫ આપવામાં આવેલ છે. પોલીસે તેઓની સહીઓ લીધેલી તે વખતે કોઈ ગુનાનો આરોપી ત્યાં હાજર હોય અને તેણે તેમની હોટલમાં ગુનાવાળી જગ્યાઓ બતાવી હોય અને પોલીસે તે જગ્યાની સ્થળસિથતિનું તેઓની હાજરીમાં પંચનામુ કર્યુ હોય તેવું બનેલ નથી. પંચનામાની વિગતે તેઓ કાંઈ જાણતા નથી.

(૧૭.૧) સદર પંચ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી શકેલ નથી.

(૧૭.૨) સદર પંચ સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ હોટલની નીચે ઉભા રહેલા હતા ત્યારે પોલીસે તેઓની સહીઓ લીધેલી

તે વખતે પોલીસ સિવાય બીજુ કોઈ ત્યાં હાજર ન હતું તથા મુકેશ રાજુરામજી પ્રજાપતિ નામનો ઈસમ ત્યાં હાજર ન હતો.

(૧૮) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૮ તરીકે મુકેશકુમાર રાજુરામજી પ્રજાપતિ** નાઓને આંક : ૫૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અંબાજી ખાતે રહે છે અને કડીયા કામે કરે છે. તા.૨૭–૦૨–૨૦૧૭ નારોજ પોલીસે તેઓને અંબાજી ખાતે ભારત પેટ્રોલ પંપની બાજુમાં હોટલ ભવાની પેલેસમાં પંચ તરીકે બોલાવ્યા હોય તેવું બનેલ નથી. તેઓને આંક : ૫૫ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. તે પંચનામાને તેઓ વિગતે જાણતા નથી. પોલીસે તેઓની સહી લીધેલી તે વખતે પોલીસ સાથે કોઈ આરોપી હાજર હોય અને તેણે કોઈ હોટલમાં ગુનાવાળી જગ્યાઓ બતાવી હોય અને પોલીસે તે જગ્યાની સ્થળ સ્થિતિનું તેઓની હાજરીમાં પંચનામુ કર્યુ હોય તેવુ બનેલ નથી. પંચનામાની વિગતે તેઓ કાઈ જાણતા નથી.

(૧૮.૧) સદર પંચ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી શકેલ નથી.

(૧૮.૨) સદર પંચ સાહેદ સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિઘ્વાન વકીલશ્રી ઘ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલા કાગળ પર માત્ર તેઓની સહી લીધેલી અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કર્યુ હોય તેવું બનેલ નથી.

(૧૯) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૯ તરીકે પંચ શંકરભાઈ વિહાજી ઠાકોર**

નાઓને આંક : ૬૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે માણસા મુકામે રહે છે અને ડ્રાયવીંગ કરે છે. તા.૧૯–૦૩–૨૦૧૭ નારોજ પોલીસે તેઓને માણસા પો.સ્ટે. પંચ તરીકે બોલાવ્યા હોય તેવું બનેલ નથી. તેઓ તેમની ગાડી લઈને નિકળેલા હતા તે વખતે માણસા ચોકડી પાસે પોલીસે તેઓની સહીઓ લીધેલી. તેઓને માર્ક–૧૩/૭ વાળુ પંચનામુ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે પંચનામાને સહી પુરતુ રજુ દાખલ આંક : ૬૨ આપવામાં આવેલ છે. પોલીસે તેઓની સહી લીધેલી તે વખતે કોઈ આરોપી હાજર હોય અને તેણે કોઈ પાસપોર્ટ રજુ કર્યો હોય તેવું બનેલુ નથી. તેઓને સીલબંધ મુદ્દામાલ આર્ટીકલ નં.૭ ખોલી તેમાંથી નિકળેલ એક પાસપોર્ટ બતાવતા તે અંગે તેઓ કાંઈ જાણતા નથી. તેઅનો તેની સાથે મુકેલ પંચસ્લીપ બતાવતા તેના પર પંચ નં.૧ તરીકે તેઓની સહી છે. જે પંચસ્લીપને આંક : ૬૩ આપવામાં આવેલ છે.

(૧૯.૧) સદર પંચ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી શકેલ નથી.

(૨૦) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૦ તરીકે પંચ કનુજી વિષ્ણુજી ઠાકોર** નાઓને આંક : ૬૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે માણસા મુકામે રહે છેઅ ને નોકરી કરે છે. તા.૧૯–૦૩–૨૦૧૭ નારોજ તેઓ પો.સ્ટે.માં મીનરલ વોટરનો બોટલ આપવા ગયેલ તે વખતે પોલીસે એક લખાણ પર તેઓન સહી લીધેલી. તેઓને આંક : ૬૨ વાળુ પંચનામુ અને આંક : ૬૩ વાળી પંચસ્લીપ બતાવતા

તેના પર પંચ નં.ર તરીકે તેઓની સહી છે. પોલીસે તેઓની સહી લીધેલી તે વખતે કોઈ આરોપી હાજર હોય અને તેણે કોઈ પાસપોર્ટ રજુ કર્યો હોય તેવું બનેલુ નથી. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૭ વાળો પાસપોર્ટ બતાવતા તે અં ગે તેઓ કાઈ જાણતા નથી.

(૨૦.૧) સદર પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની ફરીયાદ પક્ષ ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતાં સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

(૨૧) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૧ તરીકે ડો.યશવંતભાઈ જોયતારામ ચૌધરી** નાઓને આંક : ૬૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૩૫ વર્ષથી માણસા ખાતે પ્રાઈવેટ પ્રેકટીસ શરૂ કરેલ છે. તેઓ ગાયનેક ડોકટર છે. તેઓ ગાયત્રી પ્રસુતિગૃહ અને નર્સિંગહોમના નામથી દવાખાનુ ચલાવે છે. તેઓની હોસ્પીટલનો સમય સવારના સાડા નવ થી બપોરના સાડા બાર અને સાં જના સાડા ચારથી સાડા સાત સુધીનો છે. તા.૩૧–૦૧–૨૦૧૭ નારોજ તેઓ તેમના દવાખાને હાજર હતા ત્યારે એક બહેન અને ભાઈ તેઓના દવાખાને આવેલા. બહેને કહેલુ કે, તેમને માસિક આવેલુ નથી તેથી પ્રેગ્નન્સી ટેસ્ટ માટે આવેલા. તેઓએ બહેનની તપાસ કરેલી અને તે પ્રેગનેન્ટ હોવાનું જણાયેલુ. તેઓએ બાળકની ખામી ના આવે અને સારો વિકાસ થાય તથા બહેનને ઉલ્ટી ઉપકા ન આવે તે માટે દવા લખી આપેલી અને પંદર વીસ દિવસ પછી ફરી પાછા બોલાવેલા પરંતુ બહેન ફરીથી તેઓના દવાખાતે આવેલ નહીં . તેઓને આંક : ૨૭ વાળુ સર્ટીફીકેટ બતાવતા તે લખી આપેલ સર્ટીફીકેટ છે તેમાં

નીચે તેઓની સહી અને સીકકો છે. તપાસ કરનાર અમલદારે આ બાબતે તેઓનું નિવેદન લીધેલુ. લાંબો સમય થયેલ હોય તે બહેન સાથે આવનાર ભાઈને ઓળખી શકે તેમ નથી. તેઓએ આ બહેનને ગર્ભપાત માટે કોઈ દવા લખી આપી હોય તેવું બનેલ નથી.

(૨૧.૧) સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિઘ્વાન વકીલશ્રી ઘ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના દવાખાને કોઈ પણ દર્દી સારવાર માટે આવે તો તેમને કેસ કાઢવામાં આવે છે અને નવો કેસ અને જુનો કેસ એ બંને અલગ પ્રકારના કેસ હોય છે અને કેસ પેપરમાં દર્દીનું નામ, સરનામુ અને ઉંમર લખતા હોય છે અને તેઓ કેસ પેપર વિના કોઈ પણ વ્યકિતની સારવાર કરતા નથી.

(૨૧.૨) સદર સાહેદની આરોપી નં.૪ તરફેના વિઘ્વાન વકીલશ્રી ઘ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કોઈ ગર્ભવતી સ્ત્રી ભારે મજુરીવાળુ કામ કરે તો ગર્ભપાત થઈ શકે.

(૨૨) ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૨ તરીકે કમલેશ રાણાજી ગઢવી** નાઓને આંક : ૭૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ પાલી રાજસ્થાન ખાતે રહે છે અને સને–૨૦૧૭ ની સાલમાં હોટલ ભવાની પેલેસ, અંબાજીમાં નોકરી કરતા હતાં. તેઓનું મૂળ વતન જામખંભાળીયા છે. તેઓનો મોબાઈલ નંબર : ૯૯૯૮૪૮૦૬૨૪ નો છે. તેઓ હોટલ ભવાની પેલેસ, અંબાજીમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા અને આ ગેસ્ટ હાઉસમાં આવતા યાત્રીઓની નોંધણી કરાવવાની કામગીરી કરતા હતાં. જેમાં યાત્રીઓ જાતે નોંધ કરે અને તેમની સામે તેઓની સહી થતી હતી. જે યાત્રીઓ તેમની હોટલમાં રોકાણ

કરવા માટે આવે તેમની પાસેથી આધારકાર્ડ, આઈ.ડી.કાર્ડ વિગેરે પુરાવો લેવામાં આવતો હતો. તેઓના ગેસ્ટ હાઉસમાં ઘણા બધા યાત્રીઓ આવતા હોય તેમને તેઓ ઓળખી શકે નહીં પણ પોલીસવાળા તેમના ગેસ્ટ હાઉસમાં આવેલા હતાં અને તેઓ જે બીલ લઈને આવેલ હતાં તે મુજબની માહિતી રજીસ્ટરમાંથી માં ગેલ હતી અને તે મુજબનું રજીસ્ટર તેઓએ પોલીસને રજુ કરેલ. તેઓને નિ.૧ ૩/૧૩ થી રજુ થયેલ ગેસ્ટ હાઉસના રજીસ્ટરના ઉતારાની નકલ બતાવતા તે જોઈને જણાવે છે કે, તા.૦૨–૦૮–૨૦૧૩ નારોજ મકવાણા ધીરજકુમાર ઉ.વ.૩૦ અને તેમની સાથે ભોગબનનાર બેન ઉ.વ.૨૫ આવેલ અને તેઓએ પોતાનું સરનામુ ઝીંઝવા, તા.પ્રાતિજ, જિ.સાબરકાંઠા જણાવેલ. જેમાં યાત્રીની સહી કરાવેલ. જે યાત્રી રોકાણ માટે આવેલ હોય તેમની પાસેથી ડ્રાઈવીંગ લાયસન્સ મુજબનો પુરાવો લીધેલ હતો. હાલમાં તેઓ હોટલ ભવાની પેલેસ અંબાજી ખાતે નોકરી કરતા નથી અને તેઓએ નોકરી આશરે એકાદ વર્ષ અગાઉ છોડી દીધેલ છે. બનાવ બન્યો તે અરસામાં પોલીસે તેઓનું નિવેદન લીધેલું.

(૨૨.૧) સદર સદરની આરોપી તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ઘણા બધા યાત્રી આવતા હોય તેઓ ઓળખતા નથી તથા પોલીસ પાસે તેઓએ કોઈ ઉતારો રજુ કરેલ નથી અને બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૨૩) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૩ તરીકે વિનુભાઈ કરશનભાઈ પટેલ** નાઓને આંક : ૭૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ ૧૬, તિરૂપતિ બંગ્લોઝ, અમદાવાદ નરોડા ખાતે રહે

છે અને નરોડા ખાતે અમૃત રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ ચલાવે છે. આ ગેસ્ટ હાઉસ તેઓ છેલ્લા ૧૫ વર્ષથી ચલાવે છે. આશરે ત્રણેક વર્ષ પહેલા પોલીસ તેઓના ગસ્ટ હાઉસ પર તપાસ અર્થે આવેલી હતી. તેઓના ગેસ્ટ હાઉસમાં એક છોકરી અને છોકરો રોકાવા માટે આવેલ હતાં અને તે અંગેની તેઓએ રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી. જે એન્ટ્રી કયા નંબરથી કરેલી તે હાલ યાદ નથી. તેઓ તેમની સાથે હોટલ અમૃત રેસ્ટોરન્ટ ગેસ્ટ હાઉસમાં નિભાવવામાં આવતું અસલ રજીસ્ટર સને–૨૦૧૩ નું તેઓની સાથે લાવેલ છે. તે રજીસ્ટર જોઈને જણાવે છે કે, તે પાના નં.૧૨૨ ઉપર એન્ટ્રી નં.૧૪ થી તા.૦૨–૦૮–૨૦૧૩ નારોજ નોંધ કરવામાં આવેલ છે જે મુજબ મકવાણા ધીરજકુમાર કે. અને ભાવનાબેનના નામનો અને રહેઠાણનો ઉલ્લેખ કરેલ છે અને તેની સામે મકવાણા ધીરજકુમાર નાઓએ સહી કરેલ છે. આ રજીસ્ટરના સંબંધીત પાનાની અસલ ઉપરથી કરવામાં આવેલ પ્રમાણિત નકલ રજુ છે અને સાથે તેઓની હોટલની લાઈસન્સની ઝેરોક્ષ નકલ રજુ છે. જે કુલ–૪ પાના છે. જેને કામમાં સંયુકત આંક : ૮૨ આપવામાં આવેલ છે.

**(૨૩.૧)** સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ તેઓને ત્યાં આવેલી ત્યારે માત્ર તેઓનું નામ–સરનામુ પુછેલુ તથા એન્ટ્રીમાં ધીરજભાઈની સાથે ''ભાવનાબેન'' નું નામ લખાવેલ છે તથા માત્ર ધીરજભાઈનું આઈ.ડી.કાર્ડ અને આધાર કાર્ડ માંગવામાં આવેલુ તથા ધીરજભાઈની સાથે આવનાર સ્ત્રીનું આધાર કાર્ડ કે આઈ.ડી.કાર્ડ માંગેલ નહીં.

**(૨૪)** ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૪ તરીકે ડો.કાર્તિકભાઈ ભુપેન્દ્રભાઈ પ્રજાપતિ** નાઓને આંક : ૮૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.

તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ ભાવનગર મેડીકલ કોલેજમાં કોમ્યુનીટી મેડીસીનમાં રેસીડન્સ તરીકે અભ્યાસ કરે છે. ગઈ તા.૨૫–૦૨–૨૦૧૭ નારોજ જયારે તેઓ માણસા સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે પી.આઈ.શ્રી માણસા તરફથી આરોપી ધીરજભાઈ કાંતીભાઈ મકવાણાને તેઓની પાસે પોલીસ ઈન્સ્પેકટર માણસાની યાદી તપાસની યાદી સાથે તેઓની સમક્ષ લાવેલ હતાં. જે અસલ યાદી તેઓ તેમની સાથે લાવેલ છે જે યાદી તેઓને મળેલ હતી તે તે જ છે. જેને આંક : ૮૫ આપવામાં આવેલ છે. તેઓએ દર્દીની શારીરિક તપાસણી કરી તેની સં મતિ મેળવી કરેલી અને તેના ઓળખના ચિન્હોનો તેઓએ નોંધેલ. આ દર્દીનો તેઓની હોસ્પીટલના એમ.એલ.સી.કેસ પેપર નં.૧૧૫/૧૭ થી કાઢવામાં આવેલ. તેઓએ આ દર્દીને તપાસી તેની હીસ્ટ્રી પુછેલ કે દર્દીએ જણાવેલ કે, ''તેઓ એકબીજાને પાંચ થી છ વર્ષથી ઓળખે છે. શારીરિક સંભોગ આશરે ૫૦ થી ૫૫ વખત થયેલ દરેક વખતે અંબાજી ખાતે આનંદભવન ગેસ્ટ હાઉસ ખાતે રોકાયેલ. તે માટે તેઓ બંને સાથે રહી છેલ્લા શારીરિક સંભોગ ૧૫ દિવસ પહેલા અંબાજી ખાતે આનંદભગન ગેસ્ટ હાઉસ ખાતે થયેલ સ્નાન કરેલ છે. '' આ દર્દીનો અમારા એમ.એલ.સી.કેસ પેપર તથા દર્દીએ લખાવેલ હીસ્ટ્રી તથા ઓળ ખના ચિન્હોનો જે તેઓના હસ્તાક્ષરમાં જે ઓળખે છે.'' જેને આંક : ૮૬ આપવામાં આવેલ છે. દર્દીની તપાસ કરતા દર્દી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હતાં. દર્દીના શરીર ઉપર કોઈ પણ તાજા ઈજાના નિશાન જણાયેલ ન હતાં. શરીર કે કપડા ઉપર કોઈ પણ જાતના ડાગ જણાયેલ ન હતાં. સુન્નત કરાવેલ ન હતું. લીંગની કોઈ પણ પ્રકારની અનિયમીતતા જોવા મળેલ ન હતી. દર્દીના તપાસ્યા બાદ દર્દીના શરીરમાંથી (૧) બ્લડ, (૨) સલાઈવા સ્વોબ, (૩) નખ કપાયેલા હોઈ નમુના લેવાયેલ ન હતાં, (૪) એકજીલેરી હેર, (૫) પ્યુબીક હેર, (૬) વીર્ય

ઉપરોકત નમુનાઓ લઈ તેને સીલ બંધ કરી માણસા પોલીસ સ્ટેશનના હાજર કોન્સ્ટેબલને રૂમરૂમાં સુપ્રત કરી તેમની સહી મેળવેલ. જે પત્રમાં અંતિમ ભાગે તેઓની પણ સહી કરવામાં આવેલ છે. જે પત્રની સ્થળપ્રત તેઓની સાથે લાવેલ છે. જેને આંક : ૮૭ આપવામાં આવેલ છે. તેઓના અભિપ્રાય મુજબ દર્દી શારીરિક સંભોગ કરવા સક્ષમ હતાં. જે અંગેનું સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ. જેમાં તેઓની સહી છે. જેને આંક : ૮૮ આપવામાં આવેલ છે.

**(૨૪.૧)** સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, દર્દીને માણસાની હોસ્પીટલમાં તપાસેલ તે પહેલાના પાંચ વર્ષથી તેઓ માણસા સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતાં. આ પહેલા તેઓએ બળાત્કારના કિસ્સામાં તેઓ ઘણા બધા દર્દીને તપાસેલ તેનો તેઓને અનુભવ છે. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીના ગુપ્ત ભાગ ઉપર ઈજાના કોઈ નિશાન જોવા મળેલ નહીં.

**(૨૫)** ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૫ તરીકે ડો.પલકબેન રઘુવિરભાઈ નાયક** નાઓને આંક : ૮૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા પંદર વર્ષથી ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. ગઈ તા.૨૫–૦૨–૨૦૧૭ નારોજ બપોરે ૧૨:૪૫ વાગે તાત્કાલીક વિભાગમાં તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે માણસા હોસ્પીટલમાંથી રીફરચીટ સાથે ભોગબનનારને તેઓની સમક્ષ શારીરિક તપાસણી માટે લાવેલ હતાં. તેમની સાથે મહિલા પોલીસ કોન્સ્ટેબલ પાયલબેન હાજર હતાં. માણસા સીવીલ હોસ્પીટલમાં ભોગબનનારને તપાસવાની

ચાદી તથા માણસા સીવીલ હોસ્પીટલમાં ડો.એમ.કે.પટેલ નાઓએ પ્રાથમિક તપાસ કરી ઘવુ તપાસણી માટે સીવીલ હોસ્પીટલ તેઓની તરફ મોકલી આપેલ. જે ચાદી તથા રીફરચીટ તેઓની સાથે લાવેલ છે. જેમાં ડો.એમ.કે.પટેલની સહી છે. જેની એક નકલ બચાવપક્ષને આપેલ છે. જેને અનુક્રમે આંક : ૯૦ થી ૯૧ આપવામાં આવેલ છે. ભોગબનનાર દર્દીનો તેઓની હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નંબર : ૮૪૪/૨૦૧૭ થી કાઢવામાં આવેલ. તેઓને અંદરના દર્દી તરીકે દાખલ કરેલ. તેમની ગાયનેક તપાસબાબતે દાખલ કરવામાં આવેલ. દર્દીની તેઓએ શારીરિક તપાસણી કરેલ નહીં. દર્દીની અગાઉ હીસ્ટ્રી અને સેમ્પલ માણસા સીવીલ હોસ્પીટલમાં લેવાચેલ હોચ તેઓએ અલગથી હીસ્ટ્રી નોધેલ નથી. ભોગબનનાર દર્દીની શારીરિક તપાસણી ડો.જલધારાબેન ગાયનેકોલોજીસ્ટ ધ્વારા કરવામાં આવેલ અને તેમણે કરેલ ગાયનેક તપાસના રીપોર્ટના આધારે તેઓએ સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ. તેઓને નિ.૧૩/૧૧ વાળુ સર્ટીફીકેટ બતાવતા તે જોઈને જણાવે છે કે, તે તેઓના હસ્તાક્ષરમાં છે જે ઓળખે છે. જેને આંક : ૯૨ આપવામાં આવેલ છે. ત્યારબાદ દર્દીને તા.૨૭–૦૨–૨૦૧૭ નારોજ સીવીલ હોસપીટલમાંથી ડીસ્ચાર્જ કરવામાં આવેલ. તેઓને નિ.૧૩/૧૨ બતાવતા જે જોઈને જણાવે છે કે, તે ડીસ્ચાર્જ કાર્ડ છે તે તે જ છે કે જે તેઓની હોસ્પીટલમાંથી ઈસ્યુ કરવામાં આવેલ છે. જેને આંક : ૯૩ આપવામાં આવેલ છે.

**(૨૫.૧)** સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારને જયારે સીવીલ હોસ્પીટલમાં લાવવામાં આવેલ ત્યારે તેમની સાથે તેમના કો રીલેટીવ સાથે ન હતાં તથા ભોગબનનારની તેઓએ કોઈ ગાયનેક તપાસ કરેલ નથી.

(૨૬) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૬ તરીકે ઉષાબેન લક્ષ્મણભાઈ ચૌધરી** નાઓને આંક : ૯૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૪–૦૨–૨૦૧૭ નારોજ માણસા પોલીસ સ્ટેશનમાં કલાક–૧૨:૦૦ થી ૨૦:૦૦ સુધી પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા તે વખતે ભોગબનનાર ડો/ઓ બળદેવભાઈ જોઈતારામ નાઓએ તેઓની રૂબરૂમાં આવી ફરીયાદ હકીકત લખાવતા તેમના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ. જે ફરીયાદ આ કામમાં આંક : ૨૫ થી રજુ છે. જેમાં ફરીયાદી અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જેને ઓળખે છે. તેઓ પી.એસ.ઓ.ના ચાર્જમાં હોઈ, સ્ટેશન ડાયરીના પાના નં.૭૮ અનુક્રમ નં.૧૩ થી કલાક–૧૩:૩૦ વાગે ફ.ગુ.ર.નં.૧૪/૧૭ થી ઈ.પી.કો.કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ગુનાની નોંધ કરેલ. જે અસલ સ્ટેશન ડાયરી તેઓની સાથે લાવેલ છે. જેના સંબંધીત પાનાની નકલમાં તેઓની સહી કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. જેને આંક : ૯૮ આપવામાં આવેલ છે. સી.આર.પી.સી.કલમ–૧૫૪ મુજબના ઉતારાની એફ.આઈ.આર. નામદાર કોર્ટમાં તેઓએ મોકલી આપેલ. જે જોઈને જણાવે છે કે, તેમાં તેઓની સહી છે. જેને આંક : ૯૯ આપવામાં આવેલ છે. તેઓને નિ.૧૩/૧ વાળુ સુચિપત્ર બતાવતા તેમાં જોઈને જણાવે છે કે તે તે જ છે. જેને આંક : ૧૦૦ આપવામાં આવેલ છે. આગળની તપાસ થવા સારૂ પોલીસ ઈન્સ્પેકટરશ્રી એમ.જી.પલ્લાચાર્ય સાહેબશ્રી નાઓને મોકલી આપેલ અને આગળની તપાસ પી.આઈ.શ્રી એમ.જી.પલ્લાચાર્ય સાહેબશ્રી નાઓએ કરેલી.

(૨૬.૧) સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ભોગબનનાર ફરીયાદ આપવા પોલીસ સ્ટેશનમાં એકલા આવેલા તેમની સાથે કોઈ ન હતું. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારે ફરીયાદમાં

એવું લખાવેલ નથી કે, ''ધીરજે તેઓના કુટુંબના સભ્યોને કહેલ કે મારી મરજી વિરૂધ્ધ મારી પત્ની સાથે લગ્ન કરાવેલા છે અને તેઓની વચ્ચે મનમેળ નથી. મારા પત્ની પણ મારી સાથે રહેવા માંગતા નથી. અમારે છુટાછેડા લેવાના છે. તેથી છેટાછેડા થયા બાદ તમારી દિકરી સાથે લગ્ન કરીશ તેવો વિશ્વાસ આપેલો.'' વધુમાં તેઓએ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારે ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, ''ત્યારબાદ ધીરજે તેના કુટુંબના બીજા સભ્યો સાથે ચિલોડા મુકામે મારી મુલાકાત કરાવેલી જેમાં શૈલેષભાઈનું નામ મને ખબર છે. તે સિવાય નામ મને ખબર નથી. તથા શૈલેષભાઈએ મને કહેલુ કે, આ બાળકને અમે અપનાવવાના નથી. હવે ધીરજને તેના પત્ની સાથે મનમેળ થઈ ગયેલ છે. તેથી તને પણ અપનાવવાના નથી જે થયુ તે ભુલી જા, તે વખતે પણ મે ગર્ભ પડાવવાની ના પાડેલી. ત`વખતે આરોપી શૈલેષે કહેલુ કે, ધીરજ મારો ભાઈ છે, જો હું હોવ તો લાત મારીને તારા બાળકને નિકાળી દઉ. તથા ત્યારબાદ આરોપીના ડરના કારણે તેઓ મારા બાળકને આપનાવશે નહીં અને મારા ઘરના સભ્યોને તકલીફ આપશે, તેવુ વિચારી આરોપીએ લઈ આપેલ દવા મેં ખાધેલી જેથી મારો ગર્ભ પડી ગયેલો. વધુમાં તેઓએ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારે તેની ફરીયાદમાં એવું લખાવેલ ની કે, ''મેં ૬ઠી ફેબ્રુઆરીએ ગર્ભપાતની દવા લીધેલી હતી.

(૨૬.૨) સદર સાહેદની આરોપી નં.૪ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદની સાથે કોઈ દવાનું પ્રીસ્કીપ્શન કે કાગળ રજુ કરવામાં આવેલ નથી.

(૨૭) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૭ બાબુજી જોઈતાજી ઠાકોર** નાઓને આંક : ૧૦૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં વિજાપુર પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે. ગઈ તા.૨૭–૦૨–૨૦૧૭ નારોજ માણસા પો.સ્ટે.માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં તે વખતે પી.આઈ.શ્રીની સુચનાથી આ ગુનાની તપાસ સંભાળેલી. જેમાં તેઓ અમદાવાદ નરોડા ખાતે અમૃત રેસ્ટોરન્ટમાં ગયેલા જયાં ભોગબનનાર અને આરોપીઓ રોકાયેલા હતાં. તે જગ્યાનું પંચનામુ કરેલુ અને હોટલના મેનેજરનું નિવેદન લીધેલુ. ત્યારબાદ અંબાજી ખાતે ભોગબનનાર અને આરોપી ભવાની પેલેસ હોટલમાં રોકાયેલ હતાં. તેનું પંચનામુ કરેલુ અને મેનેજરનું નિવેદન લીધેલ હતું. તેઓને આંક : ૫૫ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચો અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. નિ.૧૩/૧૩ થી રજુ થયેલ ગેસ્ટ હાઉસ ઉતારાની નકલ બતાવતા તેઓએ તપાસના કામે કબજે લીધેલ. ત્યારબાદ આગળની તપાસ પી.આઈ.શ્રી પલાચાર્ય સાહેબ નાઓએ સંભાળેલી.

(૨૭.૧) સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બહાર ગામ તપાસ કરવા માટે ગયેલા તે બાબતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ હોય તે તેઓએ રજુ કરેલ નથી તથા રજીસ્ટરનો ઉતારો કબજે કરેલ તે બાબતે કોઈ પંચનામુ કરેલ નથી.

(૨૮) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૮ અશ્વિન સંગ્રામભાઈ સરવૈયા** નાઓને આંક : ૧૦૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં પી.એસ.આઈ. તરીકે બોડેલી, છોટા ઉદેપુર ખાતે ફરજ બજાવે છે. ગઈ તા.૨૬–૦૨–૨૦૧૭ ના અરસામાં માણસા પો.સ્ટે.માં

પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતાં તે સમયગાળા દરમ્યાન સદર ગુનાની તપાસ પી.આઈ.શ્રી પલાચાર્ય સાહેબ કરી રહયા હતાં. તેઓને વિધાનસભા બંદોબસ્ત આવતા થોડા સમય માટે ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. આ તપાસમાં તેઓએ આરોપીનો પાસપોર્ટ કબજે લીધેલો. જે બાબતનું પંચનામુ તેઅઓ કરેલ. જે પંચનામુ નિ.૧૩/૮ થી રજુ છે. જેમાં પંચો અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જેને આંક : ૧૦૪ આપવામાં આવેલ છે. ત્યારબાદ તપાસ દરમ્યાન આરોપી રીમાન્ડ ઉપર હોય તેઓ ભોગબનનાર સાથે જે જગ્યાએ અંબાજી તથા નરોડા ખાતે રોકાયેલા તે બાબતે તપાસ કરવા સારૂ તાબાના હેડ કોન્સ્ટેબલ બાબુજી જોઈતાજીનો મોકલતા તેઓને સદર ગુનાના કામે તપાસ કરતા પંચોને સાથે રાખી કરેલ કાર્યવાહીનું પંચનામુ કરેલ. જે પંચનામા તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ ડો.યશવંત ચૌધરી નાઓની હોસ્પીટલમાં ભોગબનનાર સારવાર માટે ગયેલ હોય તેમનું નિવેદન લીધેલુ અને તેમની હોસ્પીટલમાંથી ભોગબનનારનું સારવારનું સર્ટીફીકેટ તપાસના કામે કબજે લીધેલ. જે આંક : ૨૭ થી રજુ છે તે તે જ છે. ત્યારબાદ ભોગબનનારનું વિશેષ નિવેદન લેતા ભોગબનનાર માણસા ખાતે એક મેડીકલ સ્ટોરમાંથી ગર્ભ પડાવવા માટે એક ગોળી લીધેલી. જે ગોળી આરોપી તથા ભોગબનનાર સાથે લેવા ગયેલા હોય, તેની તપાસ આરોપીને સાથે રાખીને કરેલી. જે જગ્યાએ રમણભાઈ પટેલ નાઓએ ગોળી આપેલ હોય તેવું તપાસ દરમ્યાન ખુલેલુ. ત્યારબાદ ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા માટે તજવીજ કરેલી. ત્યારબાદ સહ આરોપી પ્રાંતિજ ખાતે રહેતા હોય તે અંગેની તપાસ કરેલી. ત્યારબાદ પલાચાર્ય સાહેબશ્રી બંદોબસ્તની ફરજમાંથી પરત આવતા આગળની તપાસ તેઓએ સંભાળેલી. આરોપી રમણલાલ અંબાલાલ નાઓને આગોતરા જામીન મળેલ હોય, તે સંદર્ભેની કાર્યવાહી કરેલી.

(૨૮.૧) સદર સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, કેસ ડાયરી તથા તપાસના કાગળો મોકલી આપેલ હોય આમ આ કામે તપાસ સંભાળેલી છે.

(૨૮.૨) સદર સાહેદની આરોપી નં.૪ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર અને આરોપી માણસામાં મેડીકલ સ્ટોર ગયા હોય તે બાબતે સીસીટીવી ફૂટેઝ અંગેની તેઓએ કોઈ તપાસ કરેલ નથી તથા કોઈ પણ સ્ત્રી ગર્ભવતી હોય તો તેના પેટમાંનો ગર્ભ પાડવા સારૂ ડોકટરના અભિપ્રાય સિવાય કોઈ મેડીકલ સ્ટોર વાળા આ દાવા આપી શકે નહીં.

(૨૯) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નંબર : ૧૯ હરેશભાઈ ગોવિંદભાઈ પલાચાર્ય** નાઓને આંક : ૧૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ વેજલપુર પો.સ્ટે. પી.આ. તરીકે ફરજ બજાવે છે. ગઈ જુલાઈ–૨૦૧૭ માં માણસા પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતાં અને માણસા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૪/૨૦૧૭ ઈ.પી.કો.કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાની તપાસ તેઓને સોંપતા આ ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. જે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક : ૩૮ થી રજુ છે. તેમાં રૂબરૂ તરીકે તેઓની અને પં ચોની સહી છે. ભોગબનનારનું શરીર સ્થિતિનું પંચનામુ કરી ભોગબનનારના કપડા તપાસ અર્થે કબજે કરેલા. જે પંચનામુ આંક : ૪૬ થી રજુ છે. જેમાં રૂબરૂ તરીકે તેઓની અને પંચોની સહી છે ભોગબનનારનું મેડીકલ કરવા સારૂ યાદી કરી, ભોગબનનારને મેડીકલ તપાસણી કરવા સારૂ સીવીલ હોસ્પીટલ મોકલી

આપેલા અને મેડીકલ ઓફીસરનું મેડીકલ સર્ટીફીકેટ તપાસના કામે તેઓને મેળવેલ હતું. આરોપીને અટક કરી તેઓનું શરીર સ્થિતિનું પંચનામુ કરી કપડા તપાસ અર્થે કબજે કરેલ હતાં. જે પંચનામુ આ કામમાં આંક : ૫૧ થી રજુ છે. જેમાં પંચો અને રૂબરૂ તરીક તેઓની સહી છે. આરોપીની મેડીકલ તપાસણી કરવા સારૂ સીવીલ હોસ્પીટલ મોકલી આપેલા અને તેઓનું મેડીકલ સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આરોપીનો પાસપોર્ટ જમા લેવા સારૂ હુકમ થયેલ હોય તે પાસપોર્ટ તપાસના કામે કબજે કરેલા. જે પંચનામુ આંક : ૬૨ થી રજુ છે. જેમાં પંચો અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. ફરીયાદીનું આ કામે વિશેષ નિવેદન લીધેલુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. જેમાં ગંગાબેન બળદેવભાઈ પરમાર, જીગ્નેશભાઈ બળદેવભાઈ પરમાર, ભાનુભાઈ કરશનભાઈ પરમાર, દક્ષાબેન ભાનુભાઈ પરમાર, ડાહીબેન બેચરભાઈ મકવાણા, દિલીપભાઈ બેચરભાઈ મકવાણા, કોકીલાબેન કાન્તીલાલ મકવાણા, રમણભાઈ અંબાલાલ પટેલ અને ભોગબનનારનું પણ વિશેષ નિવેદન લીધેલુ. ભાનુભાઈ કરશનભાઈ પરમાર, યશવંતભાઈ જોઈતાભાઈ પરમાર નાઓના પણ નિવેદન લીધેલા. આ કામે ભોગબનનારની ગાયત્રી પ્રસુતિગૃહ અને નર્સિંગ હોમમાં સારવાર કરાવેલ તેની સર્ટીફીકેટ તપાસના કામે મેળવેલ અને તેઓનું નિવેદન લીધેલ. તેઓને આં ક : ૨૭ વાળુ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે. જે તપાસના કામે મેળવેલ છે. ભોગબનનાર અને આરોપી જે તે જગ્યાએ રોકાયેલા એ જગ્યાની તપાસ કરેલી અને અંબાજી ખાતે હોટલ ભવાની પેલેસમાં રોકાયેલ તે હોટલના મેનેજરનું નિવેદન લેવડાવી તે ગેસ્ટ હાઉસના હોટલ રજીસ્ટરના ઉતારાની નકલ પી.એસ.આઈ. સરવૈયાએ મેળવી તેઓને સુપ્રત કરતા આ કામે સામેલ રાખેલ. વધુમાં આરોપી રમણભાઈ અંબાલાલ પટેલ નાઓના આઈ.ડી.પ્રુફ તથા મેડીકલ સ્ટોરના પેપર્સ તપાસના કામે મેળવેલ જે આ કામે આંક : ૪૬ થી રજુ

છે. સદર ગુનાના કામે તેઓએ કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે મોકલી આપેલ. જે મુદ્દામાલ એફ.એસ.એલ.રવાનગી નોંધ નિ.૧૩/૧૫ થી રજુ છે તે તેઓને બતાવતા કુલ–૬ પાનામાં છે, જેમાં તેઓની સહી છે. જેને આંક : ૧૧૦ આપવામાં આવેલ છે. તેઓને નિ.૧૩/૧૬ થી મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળેલ તેની અસલ પહોંચ બતાવતા જેને કામમાં રજુ આંક : ૧૧૧ આપવામાં આવેલ છે. તેઓને નિ.૧૩/૧૭ થી એફ.એસ.એલ.માંથી માણસા પો.સ્ટે.ને લખેલ ફોરવર્ડીંગ પત્ર બતાવતા તે ઓળખી બતાવેલ છે. જેને આંક : ૧૧૨ આપવામાં આવેલ છે. તેઓને નિ.૧૩/૧૮ થી બાયોલોજીકલ વિભાગનો અસલ અહેવાલ બતાવતા જે અહેવાલ કુલ–૪ પાનામાં છે જે ઓળખી બતાવેલ છે. જેને આંક : ૧૧૩ આપવામાં આવેલ છે. તેઓને નિ.૧૩/૧૯ થી સીરોલોજીકલ વિભાગનો અસલ અહેવાલ બતાવતા જે એક પાનામાં છે તે ઓળખી બતાવેલ છે. જેને આંક : ૧૧૪ આપવામાં આવેલ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ કામના આરોપીઓને તેઓ ઓળખે છે. મુદ્દામાલ બતાવતા જે તેઓએ તપાસના કામે કબજે કરેલ તે મુદ્દામાલ છે જે ઓળખે છે. તેઓને આર્ટીકલ – ૮ : પાસપોર્ટ જે જમા લેવામાં આવેલ છે તેમાંથી નિકળતી પંચસ્લીપ બતાવતા જેમાં ઈન્ચાર્જ પી.આઈ.શ્રી એ.એસ.સરવૈયાની સહી છે અને પંચોની સહી છે જેને આંક : ૧૧૫ આપવામાં આવેલ છે. આ કામના આરોપી રમણભાઈ અંબાલાલ નાઓને આગોતરા જામીન મેળવેલ તે અંગેની કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ.શ્રી સરવૈયા નાઓએ કરેલી.

(૨૯.૧) સદર કામે આરોપી નં.૧ થી ૩ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ભોગબનનાર ફરીયાદ કરવા આવેલા તે વખતે પી.એસ.ઓ.ને મળેલા. તે તપાસ શરૂ કરી

તે પહેલા ફરીયાદ હકીકત વાંચેલી. એ વાત સાથે તેઓ સંમત થાય કે કોઈ પણ વ્યકિતની જયારે કોઈ ગુનામાં અટક કરવામાં આવે ત્યારે તેને ૨૪ કલાકની અંદર સંબંધીત હકુમત ધરાવતી નામદાર કોર્ટમાં હાજર કરવાના હોય છે. તેઓએ ભોગબનનારના માતા, ભાઈ, કાકા અને કાકીનું નિવેદન કઈ તારીખે લીધેલુ તે તેઓને ચોકકસ યાદમાં નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સમગ્ર તપાસ દરમ્યાન તેઓએ કોઈ પણ આરોપીઓની કોલ ડીટેલ્સ મેળવેલ નથી કે કબજે કરેલ નથી તથા સમગ્ર તપાસ દરમ્યાન તેઓએ ભોગબનનાર અને આરોપીની વચ્ચે પ્રેમ સંબંધ હોય તે બાબતના ફોટોગ્રાફસ કે વિડીયોગ્રાફી મેળવેલ નથી કે કબજે કરેલ નથી તથા પોલીસ અધિકારીશ્રી સરવૈયાને અંબાજી તપાસ અર્થે મોકલેલ તે બાબતે તેઓએ કોઈ લેખિત હુકમ કરેલ નહીં.

(૨૯.૨) વધુમાં સદર સાહેદની આરોપી નં.૪ તરફેના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન ઉમિયા મેડીકલ સ્ટોર્સ કે તેની આજુબાજુના સીસીટીવી ફૂટેજ મેળવી ભોગબનનાર ખરેખર આ મેડીકલ સ્ટોર્સમાં દવા લેવા માટ ગયેલ તે બાબતે તેઓએ કોઈ તપાસ કરેલી નથી તથા તેઓની તપાસ દરમ્યાન તેઓએ આ ઉમિયા મેડીકલ સ્ટોર્સ બાબતે કે તેના માલિક બાબતે કોઈ પણ તપાસ કરેલી નથી તથા ભોગબનનારને સાથે રાખીને આ ઉમીયા મેડીકલ સ્ટોર્સ વાળી જગ્યાએ જઈને તે મેડીકલ સ્ટોર્સના વ્યકિત સાથેની ખરાઈ કરેલી નથી કે કોઈ બાબતે તપાસ કરેલી નથી.

(૩૦) હવે સમગ્ર પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન કરીએ તો આ કામે ભોગબનનારનો પુરાવો એ એક અત્યંત મહત્વનો પુરાવો છે. ભોગબનનારે તેઓની આંક : ૨૫ ની ફરીયાદમાં એવું લખાવેલ છે કે, મને લગ્ન કરવાની લાલચ આપી નરોડા

ખાતે તથા અંબાજી ખાતે અવાર–નવાર ગેસ્ટ હાઉસમાં લઈ જઈ મારી સાથે શરીર સંભોગ કરેલ. આ સંદર્ભે ભોગબનનારે પોતાની કોર્ટ રૂબરૂની સરતપાસમાં કઈ તારીખે કઈ સાલમાં કયા ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલો તેનું ગેસ્ટ હાઉસનું નામ–ઠામ જણાવેલ નથી. ભોગબનનાર તેઓની ઉલટતપાસના પેરા નં.૧૮ માં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે, મેં અંબાજી ખાતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી તથા આરોપી ધીરજ મને અંબાજી કઈ તારીખે લઈ ગયેલો તે મેં ફરીયાદમાં સ્પષ્ટ લખાવેલ નથી તથા આરોપી ધીરજ મને નરોડા ખાતે ગેસ્ટ હાઉસમાં કઈ તારીખે અને કેટલા વાગે લઈ ગયેલો તે મેં ફરીયાદમાં સ્પષ્ટ લખાવેલ નથી તથા મેં નરોડામાં પોલીસ સ્ટેશનમાં પણ કોઈ ફરીયાદ કરેલ નથી. વધુમાં ભોગબનનારે પોતાની સરતપાસમાં કહેવાતા આરોપી નં.૧ નાએ બાળકોનો નિકાલ નહીં કરીશ તો હું તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલ તેવું જણાવેલ નથી. વધુમાં ભોગબનનારે પોતાની આંક ૬ ૨૫ ની કહેવાતી ફરીયાદમાં એવું લખાવેલ છે કે, તેના ભાઈ શૈલેષભાઈ નાઓએ મને મોટા ચિલોડા ખાતે સમજાવવા બોલાવેલી જયારે સરતપાસમાં એવું જણાવે છે કે, પેરા–૫ ની નવમી લીટીમાં ત્યારબાદ ધીરજે તેના કુટુંબના બીજા સભ્યો સાથે ચિલોડા મુકામે તેઓની મુલાકાત કરાવેલી જેમાં શૈલેષભાઈનું નામ મને ખબર છે તે સિવાયના નામ મને ખબર નથી, આરોપી ધીરજે તેમની ઓળખાણ મામા–કાકા વિગેરે તરીકે આપેલ. ભોગબનનારનું કલમ–૧૬૪ નું નિવેદન ગાંધીનગર કોર્ટમાં લેવામાં આવેલ. જે આંક : ૨૬ વાળુ જોવામાં આવે તો તેના પેજ નં.૩ માં એવું જણાવેલ છે કે, તેણે તેના નાના ભાઈ શૈલેષ અને તેના મમ્મી તેઓનો ગર્ભ પડાવી દેવાની વાત કરેલી. જેથી તે બંને જણા મને મોટા ચિલોડા તેમને મળવા માટે બોલાવેલ ત્યાં તેઓ બંને મને મારો ગર્ભ પડાવી દેવા જણાવેલું. મે તેઓને ગર્ભ પડાવવાની ના પાડતા તેઓએ મને મારી દેવાની ધમકી

આપેલી, મે આ ધમકીના કારણે તેમની આપેલી દવા ખાઈ મારો ગર્ભ પડાવી દીધેલ. આમ, આ નિવેદનમાં શૈલેષભાઈ તથા તેમની મમ્મીએ ગર્ભ પડાવવાની દવા આપેલાનું જણાવે છે ત્યારે ફરીયાદમાં કહેવાતા આરોપી નં.૧ નાએ દવા આપેલાનું જણાવે છે. જયારે ભોગબનનારની ઉલટતપાસના પેરા–૨૪ ની છેલલી લીટીમાં જણાવેલ છે કે, ચિલોડા ખાતે કોકીલાબેન હાજર ન હતાં. આમ, ભોગબનનારની કહેવાતી ફરીયાદ, સરતપાસ તથા ઉલટતપાસમાં વિરોધાભાષ જોવા મળે છે. ફરીયાદી ભોગબનનાર પોતે પોતાની કહેવાતી આંક : ૨૫ ની ફરીયાદને સમર્થન કરતા નથી. વધુમાં સદર કામે આંક : ૮૯ થી ડો.પલકબેન રઘુવીર નાયકની સરતપાસ કોર્ટ રૂબરૂ લેવામાં આવેલ છે. સદર સાહેદ જણાવે છે કે, માણસા સીવીલ હોસ્પીટલમાં ભોગબનનારની તપાસવાની યાદી તથા માણસા સીવીલ હોસ્પીટલમાં ડો.એમ.કે.પટેલ નાઓએ પ્રાથમિક તપાસ કરી વધુ તપાસણી માટે સીવીલ હોસ્પીટલ અમારી તરફ મોકલી આપેલ જે યાદી તથા રીફર સીટી મારી સાથે લાવેલ છું. અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી.કેસ નં બર : ૮૪૪/૨૦૧૭ થી કાઢવામાં આવેલો ભોગબનનારને અંદરના દર્દી તરીકે દાખલ કરેલ દર્દીની મેં શારીરિક તપાસણી કરેલી નહીં દર્દીની અગાઉની હીસ્ટ્રી અને સેમ્પલ માણસા સીવીલ હોસ્પીટલમાં લેવાયેલ હોઈ મેં અલગથી હીસ્ટ્રી નોંધેલ નથી. સદર સાહેદના કહેવા પ્રમાણે ફરીયાદપક્ષે ભોગબનનારની પ્રાથમિક તપાસ કરનાર માણસા સીવીલ હોસ્પીટલના ડોકટરશ્રી એમ.કે.પટેલ નાઓને તપાસેલ નથી તેમનું કોઈ સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી. સદર સાહેદ ડો.એમ.કે.પટેલને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ પણ નથી. વધુમાં આ કામે આંક : ૩૪ થી દક્ષાબેન ભાનુભાઈ પરમારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની ઉલટતપાસમાં એ વાતો સ્વીકાર કરેલ છે કે, બનાવ વિશે ભોગબનનાર અને તેની માતાના કહેવાથી જાણ થયેલી છે. વધુમાં આ

કામે પંચ પ્રેમીલાબેન ભીખાભાઈ પટેલ નાઓએ આંક : ૪૨ થી પોતાના પુરાવામાં ઉલટતપાસમાં જણાવેલ છે કે, ૨૪ મી તારીખે પોલીસ સ્ટેશન ગયેલી ત્યારે પોલીસે મને સહી કરી આપવાનું કહેતા મે સહીઓ કરી આપેલી. આમ, સદર સાહેદની સરતપાસ અને ઉલટતપાસમાં મહત્વનો વિરોધાભાષ જણાઈ આવે છે. વધુમાં આ કામે પંચ ભાવેશકુમાર મગનલાલ પઢીયાર આંક : ૫૪ થી તથા પંચ મુકેશકુમાર રાજુરામજી પ્રજાપતિ આંક : ૫૭ થી પોતાના પુરાવા ધ્વારા આંક : ૫૫ થી રજુ પંચનામાની હકીકતોથી તદ્દન વિરોધાભાષી હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જે સંજોગોમાં પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. વધુમાં આંક : ૬૧ થી તપાસેલ પંચ શંકરભાઈ વિહાજી ઠાકોર તથા આંક : ૬૪ થી તપાસેલ પંચ કનુજી વિષ્ણુજી ઠાકોર નાઓએ પોતાની જુબાની ધ્વારા આંક : ૬૨ ના પંચનામાથી તદ્દન વિરોધાભાષી હકીકતો પોતાની જુબાનીમાં જણાવેલ હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જે સંજોગોમાં આંક : ૬૨ થી રજુ પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આમ, ઉપરોકત હકીકતો તથા સમગ્ર મૌખિક તેમજ દસ્તવોજી પુરાવા ધ્યાને લેતા કહેવાતા બનાવ સમયે ભોગબનનાર સગીરા હોવાની હકીકત ફરીયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી. ઉલટાનું આરોપી કહેવાતા બનાવ સમયે આરોપી નં.૧ પરણિત હોવાનું ભોગબનનારને ખબર પડેલ હોવા છતાં બંને વચ્ચે શારીરિક સંબંધ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આમ, ફરીયાદપક્ષ ભોગબનનારને લગ્નની લાલચ આપી આરોપી નં.૧ એ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલ હોવાનું સાબિત કરી શકેલ નથી અને તે બંને વચ્ચેના સંબંધો સહમતીથી બંધાયેલા હોવાનું ફલીત થાય છે. જે સંજોગોમાં તારીખ : ૨૪–૦૨–૨૦૧૭ પહેલા છેલ્લા પાંચ વર્ષથી આરોપી નં.૧ ફરીયાદી બેનને પોતે પરણેલો હોવા છતા પોતાની સાથે લગ્ન કરવાની લાલચ આપી

અવાર–નવાર ફરીયાદી સાથે શરીર સંભોગ કરી અને તેના સંભોગથી ફરીયાદીના પેટમાં રહેલ ગર્ભ પડાવી નાંખવા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપી નં.૪ પાસેથી ગર્ભ પડાવવાની ગોળીઓ લઈ આવી ફરીયાદીને ગોળીઓ ખવડાવી તેનો ગર્ભ પડાવી દઈ આરોપી નં.૨, ૩, ૪ નાએ આરોપી નં.૧ ને ગુન્હો કરવામાં મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.(૧) નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં.(૨) પરત્વે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR

**<u>–:: હુકમ ::–</u>**

(૧) આથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી (૧) ધીરજકુમાર કાન્તિલાલ મકવાણા, (૨) શૈલેષકુમાર કાન્તિલાલ મકવાણા, (૩) કોકીલાબેન કાન્તિલાલ મકવાણા, ત્રણેય રહેવાસી : સાબર કોલોની, પંચવટી એસ્ટેટની બાજુમાં, સૈજપુર બોઘા, નરોડા રોડ, અમદાવાદ, (૪) રમણભાઈ અંબાલાલ પટેલ, રહેવાસી : વાવ દરવાજા બહાર, ગોવર્ધનનગર,વિભાગ–૨, રાણીયાપરા, તા.માણસા, જિ.ગાંધીનગર નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૧૩, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીન–જામીનખત રદ કરવા.

(૩) આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ આ કામમા નામદાર વડી અદાલત સમક્ષ ભવિષ્યમાં અપીલ થાય તો તે દરમ્યાન હાજર રહેવા માટેના દરેકે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના નવા જામીન તથા જાતમુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે કબજે લેવામાં આવેલ કિંમતી મુદ્દામાલનો જો પરત સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ ન થયેલ હોય તો કિંમતી મુદ્દામાલની માલિકી અંગેની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને બિનકિમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવો.

◆ હુકમ આજ રોજ તારીખ : ૧૦, માહે : ઓકટોબર, સને : ૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૦–૧૦–૨૦૨૪.**
**સ્થળ : ગાંધીનગર.**

**(ડી.કે.સોની )**
**ચોથા અધિક સેશન્સ જજ,ગાંધીનગર.**
**(કોડ નંબર–જીજે ૦૦૭૨૯)**

ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR